ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Month




## આયોજન અંક

વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/- છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯ અંક : ૪/૫ સળંગ અંક : ૧૯૫/૧૯૬ એપ્રિલ/મે - ૨૦૨૪

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

# સુજ્ઞ આચાર્યગણ,

**આપની શૈક્ષણિક વિદ્વતા-વિશારદતાને દર્શાવો**

**અને પોતાની TV ચેનલ બનાવો !**

**આપની અને આપની સંસ્થાની ઓળખ બનાવો અને રાજ્યભરના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરો.**

Virtual विद्यापीठ

# World's 1st Educational OTT Platform

- શિક્ષકોને મળશે અત્યાધુનિક સ્ટુડિયોનો વપરાશ.
- એડિટિંગ ટીમની સુવિધા.
- હાઇક્વૉલિટી એનિમેશન લાઇબ્રેરી.



કુલ્લી એનિમેટેડ ૩ લેયર આધુનિક ટેક્નોલોજી સાથેનો આપનો વીડિયો બનાવો વિનામૂલ્યે અને બનો **એવરગ્રીન ટીચર.**

શિક્ષકોનું પોતાનું પ્લેટફોર્મ ▷ શિક્ષકોની અને સંસ્થાની પોતાની ટી.વી. ચેનલ ▷ વિદ્યાર્થીઓનું ટી.વી.ના પડદે લર્નિંગ પ્લેટફોર્મ

VIEW SAMPLE VIDEOS

8th FLOOR, D BLOCK, GANESH MERIDIAN, SG ROAD, AHMEDABAD, GUJARAT 380061

+91 9055141414 | info@virtualvidyapith.com | www.virtualvidyapith.com

**AVAILABLE ON ALL TV PLATFORMS :**

LG Smart TV | Samsung SMART TV | androidtv | fire tv stick | GET IT ON Google Play | Download on the App Store

## IDeAL Initiatives (Eng. & Guj. Medium)

| પ્રિસ્કૂલ Solution | પ્રિસ્કૂલ નોટબુક | ધો. 1 થી 10 | ધો. 9 થી 12 | Classroom Software | E-Learning App | LMS & ERP | School TV Channel |
|---|---|---|---|---|---|---|---|
| Popkorn | ideal BUDDY | MENTOR / IDEAL SERIES | Revise Maths / Physics / Chemistry Example's Notebook | I CLASS | ideal student | flinnt | Kidsera |

**SPECIMEN COPY બુક કરાવો.**

QR Code Scan કરી અથવા 9055010101 પર call કરી આપની શાળાનું નામ અને એડ્રેસ મોકલાવવા વિનંતી. અમારી ટીમ તમને Specimen પહોંચાડશે.

IDEAL® Get Involved

// This is a masthead page.
# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૧૯ ● અંક-૪/૫ ● સળંગ અંક : ૧૯૫/૧૯૬ ● એપ્રિલ/મે : ૨૦૨૪ ● વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

| -: અધ્યક્ષ :- | -: પ્રમુખ :- | -: મુખ્ય સંપાદક :- |
|---|---|---|
| **શ્રી જયપ્રકાશ પી. પટેલ**<br>મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,<br>જિ. મહીસાગર-૩૮૯૨૬૦<br>શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા<br>મુ. હિરાપુરા, તા. સંતરામપુર<br>જિ. મહીસાગર<br>(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬<br>E-mail : jppatelbjp@gmail.com | **શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**<br>શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,<br>ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.<br>૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી<br>હોમ્સની બાજુમાં, ગાયત્રી<br>મંદિર રોડ, મહાવીરનગર,<br>હિંમતનગર, જિ. સાબરકાંઠા<br>(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪ | **શ્રી અમિત પંડ્યા**<br>શ્રી માતૃછાયા હાયર<br>સેકન્ડરી સ્કૂલ<br>સુખરામનગર,<br>ગોમતીપુર,<br>અમદાવાદ-૩૮૦૦૨૧.<br>(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨ |

| -: ઉપાધ્યક્ષ :- | -: કલ્યાણનિધિ કન્વીનર :- | -: સારસ્વત સહ સંપાદક :- |
|---|---|---|
| **શ્રી હરદેવસિંહ પી. જાડેજા**<br>ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,<br>મુ. ધ્રોલ, તા. ધ્રોલ,<br>જિ. જામનગર<br>(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩ | **શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**<br>શ્રી સાવડી હાઈસ્કૂલ,<br>સાવડી, તા. ટંકારા,<br>જિ. મોરબી.<br>(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬ | **શ્રી દિપકકુમાર પી. પટેલ**<br>લાયોનેસ કર્ણાવતી એમ.એચ.<br>હિન્દી હા.સે. સ્કૂલ,<br>નવા વાડજ, અમદાવાદ-૩૮૦૧૩<br>(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯ |

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી**<br>શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ.<br>હાઈસ્કૂલ માણકપુર,<br>તા. માણસા, જિ. ગાંધીનગર<br>(મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ**<br>આર. કે. વિદ્યાલય,<br>પેટલાદ. જિ. આણંદ<br>(મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા**<br>આર.એલ. અમૃતિયા હાઈ.,<br>ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-<br>નગર, ગુંદાળા રોડ, ગોંડલ.<br>(મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ**<br>શ્રી ડી. કે. પટેલ સાર્વ.<br>હાઈસ્કૂલ, થુવાવી,<br>તા. ડભોઈ, જિ. વડોદરા.<br>(મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ |

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૧૯ ● અંક-૪/૫ ● સળંગ અંક : ૧૯૫/૧૯૬ ● એપ્રિલ/મે : ૨૦૨૪ ● વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**

## અનુક્રમણિકા


૧. અધ્યક્ષશ્રીનો પત્ર ........ ૦૫

૨. પ્રમુખશ્રીનો પત્ર ........ ૦૭

૩. સારસ્વત સંપાદકનો પત્ર ........ ૦૯

૪. સંગઠનની રજૂઆતો ........ ૧૦

૫. શિક્ષક - માર્ગદર્શક - ગુરુ ........ – ડૉ. નીરવ એન. ઠક્કર ........ ૧૨

૬. આચાર્યની સજ્જતા ........ – મહેશભાઈ શર્મા ........ ૧૭

૭. શિક્ષણસન્ધિ ........ – ડૉ. અમૃતલાલ ભોગાયતા ........ ૨૨


૮. पढ़ाई का विज्ञान ........ – પ્રાંજલભાઈ જોષી ........ ૨૬

૯. વાંચન વ્યવસ્થા વેકેશનમાં ........ – દિનેશ લ. માંકડ ........ ૩૩

૧૦. નવા વર્ષે નવા આયામ ........ – દિનેશ લ. માંકડ ........ ૩૬


- જે હાસ્ય વિના જીવી શખે છે તે શ્રીમંત નથી ને જે હંમેશાં હસી શકે છે તે ગરીબ નથી. – ડેલ કાનેગી
- સાપ કાંસળી ઉતારે છે, પણ વિષ નથી છોડતો તેવી જ રીતે માણસો મુનિવેશ ધારણ કરે છે, પણ ભોગ ભાવના નથી છોડતા. – મુનિ રામસિંહ
- મારો પ્રથમ સિદ્ધાંત એ છે કે માણસે સંજોગો કે કોઈના હાથે હાર ખાઈને બેસી રહેવું નહિ. – મેડમ ક્યુરી
- જેને મોહ નથી તેનું દુઃખ ગયું. જેનામાંથી મોહ ગયો તેની તૃષ્ણા મટી ગઈ, જે નિષ્કંચન છે તેનો લોભ ગયો. – ભગવાન મહાવીર

**નોંધ : શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ સંમત છે, તેમ માનવું નહિ.**



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રીનું નિવેદન

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર...**

**ભેગા થવું એ શરૂઆત છે,**
**ભેગા રહેવું એ પ્રગતિ છે,**
**પરંતુ ભેગા મળીને કામ કરવું એ સફળતા છે.**

તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની SSC અને HSCની પરીક્ષાઓ આપણે સૌએ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરી અને હાલ ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષાના મૂલ્યાંકનની કામગીરીની સાથે પરિણામલક્ષી કામગીરીમાં આપણે સૌ વ્યસ્ત છીએ તો બીજી બાજુ સમગ્ર રાજ્યમાં બોર્ડની પરીક્ષાની સાથે સાથે પરીક્ષાના પેપરોની મૂલ્યાંકનની બેવડી કામગીરી પણ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ઉપર સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ આપ સૌને અભિનંદન. બોર્ડની પરીક્ષાના પરિણામો પણ નજીકના ભવિષ્યમાં જાહેર થશે અને આપણા સૌની વર્ષ દરમિયાનની મહેનતનું પરિણામ ખૂબ સુંદર આવશે જ તેવી અપેક્ષા રાખું છું.

એપ્રિલ માસમાં ઘણી બધી કામગીરીઓ સાથે જોડાયેલા છીએ. આગામી સમયમાં લોકશાહીનો ઉત્સવ એટલે લોકસભાની ચૂંટણી. ઘણા સારસ્વતો આ ચૂંટણીની કામગીરીમાં પણ જોડાયેલા છે. આપણા સૌની નૈતિક ફરજ છે કે રાષ્ટ્રહિતમાં મતદાન અંગે આપણા આસપાસના વિસ્તારમાં જનજાગૃતિ કેળવીએ અને છેવાડાનો વ્યક્તિ પણ મતદાનથી વંચિત ન રહે તેની કાળજી રાખીએ.

સારસ્વત મિત્રો, અગાઉ અંબાજી ખાતે મળેલ અધિવેશન તેમજ આચાર્ય સંઘની સંસદ કારોબારી સભામાં જણાવ્યા મુજબ આચાર્ય સંઘની સફળ રજૂઆતોને પરિણામે સરકારશ્રીએ કમ્પ્યૂટર અને સ્માર્ટ ક્લાસનું ઈન્સ્ટોલેશન રાજયના મોટાભાગના જિલ્લાઓમાં શરૂ કરેલ છે, સાથે સાથે ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો પણ પરિપત્ર સરકારશ્રીએ કરેલ છે ત્યારે સ્માર્ટ બોર્ડ થકી “સ્માર્ટ વે ઑફ એજ્યુકેશન” આપણે સૌ અપનાવીએ અને વિદ્યાર્થીઓના હિતમાં શૈક્ષણિક કામગીરી કરી ગ્રાન્ટેડ શાળાઓને ‘શ્રેષ્ઠ શાળા’ સાબિત કરીએ તેવી અભ્યર્થના. રાજય આચાર્ય સંઘની રજૂઆતોને પરિણામે નજીકના ભવિષ્યમાં શાળાઓને બાંધકામ, આરોગ્યલક્ષી તેમજ પાણીની સુવિધાઓ માટેનો પરિપત્ર નવા સત્રથી મળે તે પ્રકારના અમારા સઘન પ્રયત્નો છે. સાથે સાથે હાલ જે શાળાઓની વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે તેવી શાળાઓએ આપણી બીજી ગ્રાન્ટેડ શાળાને નુકસાન ન થાય તે પ્રકારે વર્ગ વધારા માટે ઓનલાઈન વર્ગની માગણી કરીએ.

મિત્રો, આ સિવાય આપણા બીજા પ્રશ્નો જેવા કે ક્લાર્ક, પટાવાળાની ભરતી, શિક્ષકોની ભરતી, દિવ્યાંગ કર્મચારીઓના દિવ્યાંગ ભથ્થા માટે તેમજ ઇન્ટરનેટની ગ્રાન્ટમાં વધારા બાબતની તેમજ નિભાવ ગ્રાન્ટમાં વર્ગદીઠ રૂા. ૩૦૦૦ને બદલે રૂા. ૫૦૦૦ મળે તે બાબતની સક્રિય રજૂઆત કરેલ છે જે આપ સૌની જાણ માટે. આ હરીફાઈના જમાનામાં રાજ્ય સરકાર દ્વારા આટલી બધી સુવિધાઓ પ્રાપ્ત થયેલ છે ત્યારે હવે આપણી નૈતિક અને સ્વૈચ્છિક ફરજ છે કે આપણે સૌએ શિસ્ત, સંસ્કાર, સલામતી, શિક્ષણ અને ટેકનોલોજીને સાથે રાખીને વિદ્યાર્થીઓના સાચા સારથી બનીએ અને શિક્ષણ રથને સતત કાર્યાન્વિત કરીએ તેવી આકાંક્ષા અને શુભેચ્છાઓ સહ...

**“સંઘે શક્તિ કલૌ યુગ”**


**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપનો,

**જયપ્રકાશ પી. પટેલ**

અધ્યક્ષ,

ગુજરાત રાજય આચાર્ય સંઘ



શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

## પ્રમુખસ્થાનેથી...

**સારસ્વત મિત્રો,**

**કુશળ હશો...**

મિત્રો, માર્ચ-૨૦૨૪ની બોર્ડની પરીક્ષાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહનું ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરવા બદલ તમામ આચાર્ય મિત્રોને અભિનંદન.

**"અથાક પરિશ્રમનો ક્યારેય કોઈ વિકલ્પ નથી હોતો."** તેવી જ રીતે આપણા સૌના સહિયારા પ્રયાસથી શૈક્ષણિક સત્રમાં નવી વિવિધ સવલતો પૂરી પાડવામાં આપણે સફળ થયા છીએ. જેમ કે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાઓને સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ, ટ્રાન્સપોર્ટેશન સુવિધા, દીકરીઓ માટે નમો લક્ષ્મી યોજના તેમજ ધો. ૧૧, ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટેની યોજનાનો લાભ લઈએ તેમજ અન્ય યોજનાઓનો પણ આપણે મહત્તમ લાભ લઈએ અને તે માટે આપણે સૌએ વેકેશન દરમ્યાન વાલીઓ સુધી સરકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરી ગ્રાન્ટેડ શાળાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓનું નામાંકન થાય તે દિશામાં આપ સૌ પ્રયત્નશીલ બનશો તેવી અપેક્ષા રાખું છું.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સુકાની બન્યા પછી મારા આચાર્ય પરિવાર માટે ચાલતી કલ્યાણનિધિ યોજના તેમજ આપણા 'શ્રી સારસ્વત' મુખપત્રને વધુ બળવત્તર બનાવવાના હેતુથી ચારેય ઝોનમાં જિલ્લા ઘટક સંઘના હોદ્દેદારો સાથે બેઠક કરી કલ્યાણનિધિ તેમજ 'શ્રી સારસ્વત' મુખપત્રના વધુમાં વધુ સભ્યો બને તે દિશામાં પ્રયત્ન કર્યા અને તેમાં આપ સૌ હોદ્દેદાર મિત્રોનો ખૂબ સહકાર મળ્યો તે બદલ આભાર વ્યક્ત કરૂ છું. ઝોનકક્ષાની

મિટિંગમાં જે મિત્રો અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહી શક્યા નથી તે જિલ્લાના હોદ્દેદારોને ૩૦-૦૬-૨૦૨૪ સુધીમાં પોતાના જિલ્લામાં ૧૦૦% આચાર્ય મિત્રો કલ્યાણનિધિના સભ્ય બને તે દિશામાં પ્રયત્ન કરવા વિનંતી છે. કલ્યાણનિધિ યોજનાને વધુ સબળ અને ૧૦૦% સભ્યો બનાવવાની મારી અપીલને રાજ્યના કલ્યાણનિધિ કન્વીનર તેમજ રાજ્ય અને જિલ્લાના કલ્યાણનિધિ યોજનાની જવાબદારી વહન કરતા મિત્રો ખૂબ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે તે સૌ મિત્રોનો આભાર. 'શ્રી સારસ્વત' મુખપત્રને પણ વધુ બળવત્તર બનાવવા તેમજ ગુજરાતના અંતરિયાળ શાળાને પણ ફરજિયાત મુખપત્ર પહોંચે તે દિશામાં રાજ્યના સારસ્વત સંપાદક તેમજ તેમની રાજ્ય/જિલ્લા કક્ષાની ટીમ ખૂબ પ્રયત્નો કરી રહી છે ત્યારે તે મિત્રોનો પણ આભાર.

મિત્રો, હજુ આપણી શાળાઓને સુચારૂ ચલાવવા ઘણી બધી બાબતોની ઉણપ છે અને ઘણા પ્રશ્નો આપણી સામે છે. રાજ્ય આચાર્ય સંઘ આપણા પ્રશ્નો બાબતે જાગૃત છે. સમયાંતરે સરકારમાં રજૂઆતો પણ કરી રહ્યા છીએ અને પ્રશ્નોનો ઉકેલ આપણે મેળવીને જ ઝંપીશુ તેવી આપ સૌને ખાતરી પણ આપું છું. ગુજરાત રાજ્યમાં ચાલતા કર્મચારીઓના સંગઠનોમાં રાજ્ય આચાર્ય સંઘનું સંગઠન એ મજબૂત અને સંગઠિત બની લડનારું સંગઠન છે. આપ સૌ સારસ્વત મિત્રોએ આપણા પ્રશ્નોની લડાઈમાં ખૂબ સહકાર આપ્યો છે. આપણે સૌ સાથે મળી ગુજરાતની શિક્ષણ વિકાસયાત્રામાં સહભાગી બની ગ્રાન્ટેડ શાળાઓને મજબૂત બનાવવા પ્રયત્નશીલ રહીએ તેવી શુભેચ્છા.

મિત્રો, પુનઃ નવા સત્રની શરૂઆતમાં યાદ રાખજો...

**"નિઃસ્વાર્થ કર્મ કરતા રહો**
**જે પણ થશે સારું જ થશે**
**Late ભલે થાય પણ Latest થશે."**
**"સંઘે શક્તિ કલો યુગે"**

સહકારની અપેક્ષા સહ... આભાર...

આપનો વિશ્વાસુ,
**ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



# સંપાદકનો પત્ર



**શ્રી રાકેશ પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

**આદરણીય સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.**

લોકશાહીના મહાપર્વની આપ સૌએ ઉમળકાભેર ઉજવણી કરી લોકશાહીને વધુ પ્રબળ બનાવવા માટે આપ સૌએ ઉત્તમ યોગદાન આપ્યું છે તે હું ચોક્કસ માનું છું. સર્વે મિત્રોએ 'સારસ્વત'નો દ્વિમાસિક અંક પ્રસિદ્ધ કરવા ચારે ઝોનમાંથી જે મંજૂરી આપેલ છે તેના બદલ હું આપ સૌનો આભાર માનું છું.

આપણા અંકોને વધુ ઉપયોગી બનાવવા માટે અમે કટિબદ્ધ છીએ. આપ સર્વેનો પણ સહકાર અનિવાર્ય છે. આપના તરફથી અમને સુઝાવ મળશે તો અમને કાર્ય કરવાની વધુ મજા આવશે. આપ સર્વને વિનંતી છે સુઝાવ અમને મોકલતા રહેશે. પ્રસિદ્ધ થનારા અંકમાં કયા પ્રકારના લેખો, માહિતીઓ ઇચ્છો છો તે જણાવશો તો અમે આપ સર્વેને ઉપયોગી બને તેવા અંક પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરીશું.

આપણા સંઘની કલ્યાણનિધિ/શ્રી સારસ્વતને વધુ બળવત્તર બનાવવા માટે મિટિંગમાં આપણે સૌએ સંકલ્પ કર્યો છે કે દરેક જિલ્લો ૧૦૦% કલ્યાણનિધિ/શ્રી સારસ્વત સદસ્યતા કરશે પણ આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે ઝોનની મિટિંગો પૂર્ણ થઈ દરેકે કાર્ય શરૂ કર્યું તે જ સમયગાળામાં આપણા વડોદરાના એક આચાર્ય મિત્રનું અકસ્માતે મૃત્યુ થયું. તેમને આચાર્ય બને એક જ વર્ષ થયેલ હતું. આ ઘટનાથી આપણને માનસિક દુ:ખ થાય છે. પરંતુ પરિવારને કોઈ આર્થિક મદદ નથી કરી શકતા. આ પરિસ્થિતિને આપણે સૌ ભારે હૃદયે સ્વીકારવી પડે છે. માટે જ સર્વે આચાર્ય મિત્રોને વિનંતી કલ્યાણનિધિ/શ્રી સારસ્વત સદસ્યતા માટે ઘટક સંઘના હોદ્દેદારો જ સદસ્યતા માટે કાર્ય કરે તેવું નહીં પરંતુ આપણે સૌ આપણા એકબીજા માટે દરેક આચાર્ય કલ્યાણનિધિ/શ્રી સારસ્વતના સદસ્ય બન્યા છે કે નહીં તેની ચોકસાઈ કરીએ. કોઈ મિત્રને કલ્યાણનિધિ/શ્રી સારસ્વત બાબતે કોઈ શંકા હોય તો તેના નિવારણ માટે અમને કહેશો તો અમે તેનું નિવારણ કરી આપીશું. જેથી કરી કોઈ મિત્ર શંકા રાખ્યા સિવાય માત્ર પરમાર્થ નહીં પરંતુ સ્વાર્થ સાથે પણ કલ્યાણનિધિ/શ્રી સારસ્વતના સદસ્યો બને.

નૂતન શૈક્ષણિક વર્ષ આ અંક મળતાની સાથે જ શરૂ થઈ ગયું હશે. આ અંકમાં શૈક્ષણિક વર્ષના આયોજન તથા શાળાઓમાં શિક્ષણની સાથે સંસ્કારોના સિંચન માટે આચાર્ય શું કરી શકે તેવા લેખો પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરેલ છે. આયોજનના હેતુઓ તેનો ભાવ શું હોઈ શકે ? તે અંગેના વિચારો પણ રજૂ કરેલ છે. આમ આપણે સૌ કેલેન્ડરથી ટેવાઈ ગયેલ છે. કેલેન્ડર એ માત્ર એક માર્ગદર્શન છે. આપણી શાળાના વિસ્તાર, વિદ્યાર્થીઓ, સમાજ અને શિક્ષકોની પરિસ્થિતિ આ સર્વેને ધ્યાનમાં રાખી આપણે કેવું આયોજન કરવું જોઈએ તેનું માર્ગદર્શન આ અંકમાં પ્રસિદ્ધ કરી રહ્યા છીએ જેમાં અમને આપ સર્વેના આશીર્વાદની અપેક્ષા છે.

**આપના,**

**રાકેશ પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૭૭૪૫૨૫૩૩૨

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદક શ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## સંગઠનની રજૂઆતો

**ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની નવનિયુક્ત ઉત્સાહી ટીમ દ્વારા અને પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆતોની ઝલક :**

(૧) નવનિયુક્ત આચાર્યોને તા. ૫-૧-૬૫ના નાણા વિભાગના ઠરાવ મુજબ ઈજાફો આપવા બાબતે શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૧૫-૦૯-૨૦૨૩ના ઠરાવથી સ્પષ્ટતા કરવામાં આવેલ હોવા છતાં ડીએટી દ્વારા તારીખ ૦૩-૧૨-૨૦૦૯ના પે પ્રોટેક્શનના ઠરાવનું ખોટું અર્થઘટન કરી પુનઃ ઈજાફો આપવા સામે વાંધો લેવા બાબતની રૂબરૂ રજૂઆત માન. મંત્રીશ્રી શિક્ષણ તથા માન. નાયબ સચિવશ્રી શિક્ષણ વિભાગને તારીખ ૧૯ માર્ચ, ૨૦૨૪ના રોજ કરવામાં આવી.

(૨) બોર્ડની પરીક્ષાનું સંગ્રહિત પરિણામ શાળાના ઈન્ડેક્ષ નંબરના આધારે દરેક શાળાને મળે તથા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ તેમજ મધ્યસ્થ મૂલ્યાંકન માટેના આદેશ પર સ્થળના લોકેશનનો ક્યુઆર કોડ મૂકવા બાબતની બનાસકાંઠા જિલ્લા આચાર્ય સંઘની રજૂઆત સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રી તથા સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને તારીખ ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવી.

(૩) ધોરણ ૧૦માં રીપીટર વિદ્યાર્થીઓના પ્રવેશને ગ્રાન્ટ તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યાને ગણતરીમાં લેવા બાબતની રજૂઆત રૂબરૂ માનનીય સચિવશ્રી શિક્ષણ ડૉ. વિનોદ રાવ સાહેબને તારીખ ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ કરવામાં આવી.

(૪) જૂન ૨૦૨૪થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે શાળાઓમાં કામયી શિક્ષકોની બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવા તથા કાયમી જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જ્ઞાન સહાયક, વહીવટી સહાયક તથા સેવકની

ખાલી જગ્યાઓ ભરવા વેકેશન દરમિયાન આગોતરું આયોજન કરવા બાબતની રજૂઆત તારીખ ૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ માનનીય સચિવશ્રી શિક્ષણ ડૉ. વિનોદ રાવ સાહેબને કરવામાં આવી.

(૫) શાળામાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા માટે લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાની માંગણી બાબતે તથા પાંચ કિલોમીટર અંતરમાં ઘટાડો કરવા બાબતે માનનીયન નિયામક શ્રી સમગ્ર શિક્ષાને તારીખ ૯ એપ્રિ, ૨૦૨૪ના રોજ રૂબરૂ રજૂઆત કરવામાં આવી.

(૬) દિવ્યાંગ કર્મચારીઓના ભથ્થા બાબતે માનનીય નિયામક શ્રી, શાળાઓની કચેરીને રૂબરૂ તારીખ ૨૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રજૂઆત કરવામાં આવી.

(૭) જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓની જેમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ વાર્ષિક ૧૦,૦૦૦ રૂપિયા ઈન્ટરનેટ ગ્રાન્ટ આપવા બાબતની રજૂઆત માનનીય નિયામકશ્રી સમગ્ર શિક્ષા અભિયાનને તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ કરવામાં આવી.

(૮) જ્ઞાન સહાયકની કરારની મુદત તારીખ ૪ મે, ૨૦૨૪ના રોજ પૂરી થતી હતી. વેકેશન તા. ૯ મેથી પડનાર હોય મુદત લંબાવવા બાબતની તથા નવા શૈક્ષણિક સત્ર માટે અગાતોરું આયોજન કરી તમામ ખાલી જગ્યાઓ ભરવા બાબતની રૂબરૂ રજૂઆત માનનીય શિક્ષણ સચિવશ્રી ડૉ. વિનોદ રાવ સાહેબને કરવામાં આવી.

(૯) ઉનાળુ વેકેશનની તારીખોમાં ફેરફાર બાબતે પણ માનનીય સચિવશ્રી શિક્ષણ સાથે રૂબરૂ મુલાકાત કરી વેકેશનની તારીખો નિયત કરી વહેલામાં વહેલી તકે જાહેરાત કરવામાં આવે તો શાળાઓને તથા સારસ્વતોને કામગીરીમાં સરળતા રહે તે બાબતે પણ રૂબરૂ રજૂઆત કરવામાં આવી.

(૧૦) વર્ગ વધારા માટે સરળીકરણનો ઠરાવ થયા બાદ તે મુજબ ધોરણ ૮ના પરિણામ બાદ તરત જ ધોરણ નવમાં વિદ્યાર્થી પ્રવેશના કારણે વર્ગ વધારાની જરૂરિયાત હોય તેવી શાળાઓને સરળતાથી વર્ગો મળી રહે તે માટે જરૂરી પોર્ટલ વહેલામાં વહેલી તકે શરૂ કરવામાં આવે તે બાબતની પણ રજૂઆત માનનીય સચિવશ્રી શિક્ષણ ડૉ. વિનોદ રાવ સાહેબને કરવામાં આવી. આ ઉપરાંત પટાવાળાની ખાલી જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવા બાબતે ડીઈઓને તાત્કાલિક સૂચના આપવા બાબતે પણ રજૂઆત કરવામાં આવી.

बिन गुरु ज्ञान कहां से पाऊँ...

# શિક્ષક - માર્ગદર્શક - ગુરુ

– ડૉ. નીરવ એન. ઠક્કર
પ્રિન્સીપાલ, એઈએસ-એજી હાયર
સેકન્ડરી સ્કૂલ, અમદાવાદ

**'निवर्तयत्यन्यजनं प्रमादतः स्वयं च निष्पापपथे प्रवर्तते ।**
**गुणाति तत्त्वं हितमिच्छुरंगिनाम् शिवार्थिनां यः स गुरु र्निगद्यते ॥**

'જે બીજાઓને પ્રમાદ કરતા રોકે, પોતે નિષ્પાપ રસ્તા પર ચાલે, હિત અને કલ્યાણની ઈચ્છા રાખવાવાળાઓને તત્વબોધ કરાવે, તે ગુરુ.'

સામાન્ય રીતે જુલાઈ મહિનામાં આવતી અષાઢી પૂનમના રોજ 'ગુરુપૂર્ણિમા'ની ઉજવણી એ આપણી સંસ્કૃતિની આગવી પરંપરા છે. અષાઢ મહિનામાં ચંદ્ર જોવાનું મુશ્કેલ બને છે, કેમ કે આ મહિનામાં સામાન્ય રીતે આખુંય આકાશ કાળાં વાદળોથી ઘેરાયેલું હોય છે. દેખીતી રીતે, આ સમયે ચંદ્રની સુંદરતા સરળતાથી જોઈ શકાતી નથી. એક તરફ વરસાદનું વરસતું પાણી અને બીજી તરફ કાળાં ડીબાંગ વાદળો, છુપાયેલો ચંદ્ર, આ અદ્ભુત ઘટનાને જોવા માટે વ્યક્તિને ખૂબ જ ધીરજ અને વિશેષ દૃષ્ટિની જરૂર હોય છે. આવી જ રીતે જીવનના પડકારો જે સામાન્ય દૃષ્ટિથી જોઈ કે સમજી શકતા નથી તેને સમજવા તેમજ આ બાબતનું માર્ગદર્શન આપી શકે તેવી વિશિષ્ટ આધ્યાત્મિક ચેતના ધરાવતી વ્યક્તિ એટલે ગુરુ.

આપણી ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનો અભ્યાસ કરીએ તો ગુરુ તેમના શિષ્યોને શસ્ત્ર, શાસ્ત્ર અને જીવન-કૌશલ્યોની કેળવણી આપતા. શીખવવાની પદ્ધતિ પણ મોટાભાગે સ્વઅનુભવ, સ્વઅધ્યયન, સહપાઠી અધ્યયન, જૂથ-અધ્યયન, કોયડા ઉકેલ, વાર્તાઓ અને પ્રસંગો. પ્રામાણિકતા, મહેનત, ધ્યાન અને ધીરજ એ કેળવણીનાં અભિન્ન અંગ. જે શીખ્યા તેનો સતત મહાવરો, દરેક શિષ્યનાં વ્યક્તિગત લક્ષ્યાંકો અને તે લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનું માર્ગદર્શન અને મૂલ્યાંકન. શિષ્યને સતત પ્રેરણા અને પ્રોત્સાહન, ક્યારેક રચનાત્મક ટીકા; જો જરૂર પડે તો શિક્ષા અને એ પણ એવી કે જેનાથી વધારે શીખવા મળે. આ બધાનો ટૂંકસાર - ગુરુએ માત્ર વિષયો કે કૌશલ્યો જ શીખવતા નહિ બલ્કે સતત માર્ગદર્શન આપતા - Mentoring કરતા.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ - NEP-2020 આવી જ કેટલીક બાબતોને આધુનિક આયામ આપવાનો સંનિષ્ઠ પ્રયાસ છે. શિક્ષકની ભૂમિકા માત્ર વર્ગશિક્ષણ આપવા પુરતી મર્યાદિત ન રાખતાં તે એક માર્ગદર્શક (Mentor) બને તે રીતે પૂર્વાનુમાનિત કરવામાં આવી છે. અરે ! માત્ર શિક્ષક જ નહીં, વિદ્યાર્થીઓ, આચાર્ય - સંચાલક (School Leaders) અને સંસ્થા પણ માર્ગદર્શક (Mentor) તરીકે શિક્ષણ સાથે યથાર્થ અનુકૂલન સાધી શકે તેનું NEP માર્ગદર્શિકામાં ઝીણવટપૂર્વકનું આલેખન કરેલ છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP-2020) માં Mentor - માર્ગદર્શક માટેનું દર્શન :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦માં યુનો દ્વારા બહાર પાડવામાં આવેલ Sustainable Development Goal - 4 ને પણ ધ્યાને રાખેલ છે. આવો, Sustainable Development Goal - 4 શું કહે છે તે જોઈએ.

"Ensure inclusive and equitable quality education and promote lifelong learning opportunities for all."

"સર્વસમાવેશક અને વાજબી ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી સુનિશ્ચિત કરવી અને તમામ માટે આજીવન શીખવાની તકોને પ્રોત્સાહિત કરવી."

આ SDG-4 એ ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી અને તે માટે વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, સંચાલકો તેમજ સંસ્થાઓના અને માર્ગદર્શન (Mentoring) વચ્ચેના આંતરસંબંધો સુઆલેખિત કર્યા છે. આવો, આ આંતરસંબંધો પર નજર નાખીએ.

**વિદ્યાર્થી અને માર્ગદર્શન :**

- પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શાળા છોડવાના દરને ઘટાડવા અને છેવાડાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સુલભતા સુનિશ્ચિત કરવી, જેના પ્રયાસરૂપે શાળાના વિદ્યાર્થીઓને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજના સુજ્ઞ, શિષ્ટ સભ્યો દ્વારા વાલી અને વિદ્યાર્થીને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવા. આ પ્રકારના પ્રયાસ અન્ય વિદ્યાર્થીઓને શીખવાના ઉન્નત પરિણામો અને શિક્ષણ પ્રત્યે વિશિષ્ટ અભિરુચિ તરફ દોરી જઈ શકે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણ માટેનું શ્રેષ્ઠ ભાવાવરણ ઉભું કરવું, તેને ટકાવી રાખવું તેમજ તેમના વિદ્યાર્થીઓને જ માર્ગદર્શક તરીકે પ્રોત્સાહિત કરવા અને આ સંદર્ભે તેમની ક્ષમતા વિકસાવવી.
- ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશ સુનિશ્ચિત કરવાં, સામાજિક અને આર્થિક રીતે

પછાત જૂથોને સામાજિક, ભાવનાત્મક અને શૈક્ષણિક સહાય પૂરી પાડવા માટે વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન કાર્યક્રમો કરવા પ્રેરિત કરવા.

**શિક્ષક અને માર્ગદર્શન :**

- શિક્ષકોને આવનાર પડકારૂપ સમયમાં જરૂરી જ્ઞાન, કૌશલ્યો, ચારિત્ર્ય ઘડતર અને શ્રેષ્ઠ મૂલ્યોનાં સિંચન સંદર્ભે માર્ગદર્શક તરીકેની ભૂમિકા માટે તૈયાર કરવા.
- શિક્ષણ વિભાગના ક્લસ્ટર રિસોર્સ સેન્ટરો દ્વારા આંગણવાડીઓમાં બાળકોની પ્રારંભિક સંભાળ અને શિક્ષણ (ECCE) લેવી તથા શિક્ષકોના સતત મૂલ્યાંકન માટે માસિક બેઠકો સાથે માર્ગદર્શન માળખું સ્થાપિત કરવું.
- તાલીમી શિક્ષકો અને હાલ સેવા આપતા શિક્ષકોની લાયકાતમાં વધારો કરવા, તેમની વ્યાવસાયિક સજ્જતા કેળવવા અને શિક્ષણમાં ઉચ્ચ કારકિર્દી ઉન્નત કરવા માટે યોગ્ય અને સક્ષમ માર્ગદર્શન વ્યવસ્થા ગોઠવવી.
- શિક્ષકોને વ્યવસાયિક સહાય તથા માર્ગદર્શન પૂરું પાડવા શ્રેષ્ઠ વરિષ્ઠ/નિવૃત્ત શિક્ષકો દ્વારા National Mission for Mentoring (રાષ્ટ્રીય માર્ગદર્શક મિશન)ની સ્થાપના કરવી.

**સંચાલકો, સંસ્થાઓ અને માર્ગદર્શન :**

- શૈક્ષણિક નેતૃત્વ કરનાર સંચાલકોનું માર્ગદર્શક જૂથ બનાવી, શૈક્ષણિક સંસ્થાઓમાં માર્ગદર્શન આપવાની જરૂરિયાત પર અને શૈક્ષણિક સંસ્થાઓ માટે કાર્યક્ષમ વ્યવસ્થાપન અને અસરકારક નેતૃત્વ માટે માર્ગદર્શન પુનર્ગઠન કરવા પર NEP - 2020 એ ભાર મૂક્યો છે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું સશક્તિકરણ અને સ્વાયત્ત, નવાચાર સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની માન્યતા માટે પારદર્શક પદ્ધતિ વિકસિત કરવી અને તે માટે સંસ્થાઓને એક ચોક્કસ સ્તર સુધી પહોંચવા તથા ગુણવત્તામાં સતત સુધારો કરવા માટે માર્ગદર્શન આપવું.
- દરેક યુનિવર્સિટી તેની સંલગ્ન કૉલેજો માટે શિક્ષણ અને અભ્યાસક્રમ, શિક્ષણ અને મૂલ્યાંકન, અસરકારક સુશાસન અને તેમાં સતત સુધારણા, નાણાકીય સ્વનિર્ભરતા અને વહીવટી કાર્યક્ષમતા જેવી બાબતો પર માર્ગદર્શન અને તેના વિકાસમાં મદદ કરવી.
- નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (NRF)ની પ્રાથમિક ભૂમિકાઓ પૈકી એક શૈક્ષણિક સંસ્થાઓને તમામ ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંશોધનોને ઉત્પ્રેરિત કરવા માટે માર્ગદર્શન આપવું.

NEP 2020 દ્વારા જે જે ભલામણો કરવામાં આવેલ છે, તેના વિવિધ હેતુઓ પરિપૂર્ણ કરવા, હાલના ભારતીય શિક્ષણ પરિતંત્ર (ઇકોસિસ્ટમ)માં, માર્ગદર્શન માળખું પ્રસ્થાપિત કરવું અનિવાર્ય છે. શિક્ષણ સાથે જોડાયેલ વિવિધ હિસ્સેદારી પાસે રહેલ જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરી શિક્ષણમાં નેતૃત્વ વિકાસ કરી શકાય. National Mission for Mentoring ની રચના દ્વારા વર્તમાન ઉપલબ્ધ સંસાધનો અને વ્યાવસાયિક વિકાસ માટે વિચારોને સંચિત કરી તેની વહેંચણીને સુનિયોજિત કરવામાં આવે અને તે રીતે ભારતીય શિક્ષણ પ્રણાલીના વિકાસને ઝડપી અને સરળ બનાવી શકાય.

હવે જ્યારે શિક્ષકની ભૂમિકા માર્ગદર્શન (Mentor) તરીકે પૂર્વાનુમાનિત કરી રહ્યા છીએ ત્યારે માર્ગદર્શન અને વર્ગ-શિક્ષણ, માર્ગદર્શન અને પ્રશિક્ષણ, માર્ગદર્શન અને તાલીમ તથા માર્ગદર્શન અને સલાહ વિશે કેટલીક ભેદરેખા સમજવી અત્યંત જરૂરી છે.

**માર્ગદર્શન વિ. વર્ગ-શિક્ષણ (Mentoring Vs Teaching) :**

માર્ગદર્શનનું કાર્યક્ષેત્ર વ્યાપક છે, શિક્ષણ એ માર્ગદર્શનનો ભાગ હોઈ શકે. ઘણીવાર વર્ગશિક્ષણનું કાર્યક્ષેત્ર સંકુચિત અને મર્યાદિત હોય છે. શિક્ષણ એ શિક્ષક દ્વારા વિદ્યાર્થીમાં જ્ઞાનનો પ્રસાર (Transmission of Knowledge) સૂચવે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ ઔપચારિક હોવાના કારણે વિદ્યાર્થી પાસેથી શિક્ષકને શીખવા માટે બહુ ઓછું હોય છે, તેથી શિક્ષક એકમાર્ગી જ્ઞાન વહેંચવા માટે સૂચના અને સમજૂતી જેવા માધ્યમોનો ઉપયોગ કરે છે; જ્યારે માર્દર્શક સાથે માર્ગદર્શન લેનારનો સંબંધ અનૌપચારિક હોય છે. માર્ગદર્શક સલાહ આપે, પોતાના જીવન-અનુભવો અંગેનો વાર્તાલાપ કરે અને પ્રશ્નો પૂછવા જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છે. શિક્ષક-વિદ્યાર્થી સંબંધ કરતાં માર્ગદર્શન આપનાર અને માર્ગદર્શન લેનાર વચ્ચેનો સમકક્ષ સંબંધ વધુ ઉપકારક અને લાંબા ગાળાનો હોય છે.

**માર્ગદર્શન વિ. તાલીમ (Mentoring Vs Training) :**

શિક્ષણની વિપરીત, તાલીમનું કાર્યક્ષેત્ર અલ્પજીવી તેમજ ચોક્કસ હેતુ અને સમય પુરતું સીમિત હોય છે. તાલીમ એ કૌશલ્ય અને જ્ઞાનના ચોક્કસ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અથવા તાલીમાર્થીઓની ક્ષમતા કેળવવા અને અથવા ક્ષમતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે માર્ગદર્શન વ્યાપક અને સર્વગ્રાહી છે; અને બંને સહભાગીઓને એટલે કે માર્ગદર્શન આપનાર અને માર્ગદર્શન લેનાર (Mentor and Mentee) બંનેને લાભકર્તા છે. બંને અરસપરસ જ્ઞાન મેળવવાનો કે કૌશલ્ય કેળવવાનો પ્રયત્ન કરે છે.

**માર્ગદર્શન વિ. અનુશિક્ષણ (Mentoring Vs Coaching) :**

તાલીમથી વિપરીત, અનુશિક્ષણ (કોચિંગ)નો સમયગાળો લાંબો છે, અને વધુ પરસ્પર સંબંધ વિકસાવવા માટે બહોળો અવકાશ પૂરો પાડે છે. અનુશિક્ષણ આપનાર (કોચ) તેની પાસે કોચિંગ લેનારનાં જીવનના ચોક્કસ લક્ષ્યાંકો પાર પાડવામાં સહાય કરે છે, તેનું નિયમિત રીતે મૂલ્યાંકન કરે છે અને કોચિંગ લેનારને વધુ સારા દેખાવ માટે તૈયાર કરે છે. અનુશિક્ષણ આપનાર (કોચ)ની પ્રકૃતિ પરિણામલક્ષી છે. જ્યારે માર્ગદર્શક લક્ષ્યાંકો કયાં અને કેવાં હોઈ શકે તેની સમજ આપતાં જીવનના કેટલાક અનુભવો અને જ્ઞાન વહેંચે છે, માર્ગદર્શક સર્વગ્રાહી વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. માર્ગદર્શક અને માર્ગદર્શન લેનાર વચ્ચેના સંબંધો અનૌપચારિક અને એકમેક સાથે શીખવાની અને સહ-ભાગીદારીતાની રીતિને પ્રોત્સાહન આપે છે.

**માર્ગદર્શન વિ. સલાહ (Mentoring Vs Advising) :**

જ્યારે કોઈ સમસ્યાના સમાધાન માટે અથવા ચોક્કસ જરૂરિયાત હોય ત્યારે જ વાર્તાલાપ ગોઠવવામાં આવે તે સલાહ. તેનાથી વિપરિત, માર્ગદર્શન માટે માર્ગદર્શક સાથેનો પૂર્વઆયોજિત અને ચોક્કસ સમયગાળામાં નિયમિત રીતે વાર્તાલાપ થતો રહે છે, અને તેની જરૂર પડ્યે તેની નોંધ રાખવામાં આવે છે. સલાહ એ સમસ્યા પુરતો મર્યાદિત સંબંધ છે, જ્યારે તેથી વિપરીત, માર્ગદર્શન એ દીર્ઘયાત્રા સમાન છે.

માર્ગદર્શન સંબંધ એ લાંબા સમય સુધી રચાયેલ સહજીવન સંબંધ છે. જે સમાન ક્ષેત્રોના વ્યાવસાયિકો વચ્ચે વૈવિધ્યપૂર્ણ ક્રિયા પ્રતિક્રિયાઓ પર આધારિત છે. મુખ્યત્વે અરસપરસ પરંતુ વિશેષ કરીને તે માર્ગદર્શન લેનારના વ્યક્તિગત અને વ્યાવસાયિક લક્ષ્યો અને વિકાસ તરફ દોરી જાય છે.

ભારત એક આશાસ્પદ યુવાનોના દેશ તરીકે સમગ્ર વિશ્વમાં ઊભરી રહ્યો છે. આપણી સામે Demographic Dividend or Demographic Disasters જેવા પડકારો છે, તે સંજોગોમાં ભારતીય યુવાઓ માટે NEP - 2020 એ એક આશાના કિરણ સમાન શિક્ષણ વ્યવસ્થાની નીતિ આપણી સમક્ષ મૂકી છે. NEP-2020 શિક્ષકની ભૂમિકા વર્ગશિક્ષણથી વિશેષ 'માર્ગદર્શક' (Mentor) તરીકે મૂકી છે. જો આ યાત્રામાં શિક્ષકથી માર્ગદર્શક અને માર્ગદર્શકથી ગુરુ તરીકેનું સાચા અર્થમાં રૂપાંતર થાય તો ભારતને 'વિશ્વગુરુ' બનતાં કોઈ રોકી શકે તેમ નથી.

(સંદર્ભ : Mentoring the Bluebook Published by National Council of Teachers' Education)

# આચાર્યની સજ્જતા

– મહેશભાઈ શર્મા
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી

**ભૂતકાળ પાસેથી શીખીએ,**
**ભાવિ માટે વિચારીએ,**
**પરંતુ વર્તમાનમાં જ જીવીએ.**

- "આચાર્ય"ની ભૂમિકા ભવ્યાતિભવ્ય છે. આચાર્ય દેવો ભવઃ ઋષિકાળથી આ માનસૂચક સંબોધન આચાર્યના પદને ચાર ચાંદ લગાવી દે છે.
- શિક્ષણની વ્યવસ્થામાં આચાર્યનું સ્થાન અદકેરું છે, અનેરું છે, અજોડ છે. બસ આ આચાર્યના પદને ઓળખવાની જરૂર છે. ભીતરમાં આચાર્ય તરીકે ડોકિયું કરવાની જરૂર છે. આમ, તો સામાન્ય રીતે આચરણ કરતી વ્યક્તિની ગરિમા, અસ્મિતા નિહાળી તેનું અનુકરણ કરવાનું મન થાય તેવું ઉત્કૃષ્ટ પાત્ર એટલે આચાર્ય...
- હવે જ્યારે આપણે આચાર્ય તરીકેની ભૂમિકામાં આવી જ ગયા છીએ, તો આ ભૂમિકા સરળ અને સહજ રીતે કેવી રીતે ભજવી શકાય, તેની વિગતવાર છણાવટ કરવાની હું કોશીશ જરૂર કરીશ. જૂના આચાર્યો અને એચ-ટાટની પરીક્ષા પાસ કરી નિમણૂક પામેલા નવા આચાર્યો... હું આવો ભેદભાવ કરવા માંગતો નથી. બંનેની કામગિરી "આચાર્ય" તરીકેની જ છે. ગૌરવપૂર્ણ છે. અત્યંત સંવેદનશીલ છે. હક્ક અને ફરજ એ સિક્કાની બે બાજુ છે જેનાથી આપ વિદિત છો. શાળામાં આપ પ્રવેશ કરો છો ત્યારે આપનો રૂઆબ, આપની પ્રતિમા, આપનું વ્યક્તિત્વ ખૂબ જ ભાગ ભજવે છે. ઓછું બોલો... ખૂબ ઓછું બોલો તમારા કામને બોલવા દો, તમારી આભા ઘણું બધું જણાવી દેતી હોય છે. શાળામાં પ્રવેશતાં જ તમારું અવલોકન (observation) ખૂબ જ મહત્વનું છે. શરીરની ઈન્દ્રિયો આંખ, કાન, નાક વગેરેને સૂક્ષ્મ અવલોકન એલર્ટ રાખો... આ ધીમે ધીમે ટેવમાં પરિણમશે. આપની બેસવાની જગ્યા... આચાર્યકક્ષ એકદમ સાફ સુથરો... બેસવાનું મન થાય તેવો રાખો. બે-મિનિટ ઈષ્ટદેવનું સ્મરણ કરી પછી કામકાજ શરૂ કરો. શાળામાં પ્રવેશતાં જે અવલોકન કર્યું છે તે મુજબ ચોકીદાર, પટાવાળા, કોઈ શિક્ષક ભાઈ-બહેન, વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાલી કે અન્ય વ્યક્તિ પર કાંઈ અજુગતું કે સમસ્યાગ્રસ્ત જેવું લાગે તો તરત જ બોલાવી તેની પૂછ-પરછ કરી માહિતી પ્રાપ્ત કરો... નિરાકરણ... નિર્ણય બાદમાં કરો...

- આગામી સત્રમાં આપની શાળાનું કેલેન્ડર જાતે જ બનાવી સત્ર-૧ અને સત્ર-૨ દરમિયાન માસવાર કઈ-કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખીશું તેની વિગતવાર માહિતી આપવાનો પ્રયાસ કરીશ...
- આપણી શાળા આખરી માહિતી... સહુ પ્રથમ તો આપણી શાળાની માહિતી આપણી પાસે હોવી જ જોઈએ... દા.ત., ૯ અને ૧૦ માધ્યમિક વિભાગના આચાર્ય હોય તો કુલ વર્ગો કેટલા છે ? ધો-૧૦નું પરિણામ સાથે L.C. પણ તૈયાર કરી દેવા અગાઉથી.
- S.C., S.T., O.B.C., EWS, દિવ્યાંગની કેટેગરીના વિદ્યાર્થી ભાઈ-બહેનોની યાદી તૈયાર કરી રાખવી.
- ધો-૯ના વિદ્યાર્થી ભાઈ-બહેનો જે ધો-૧૦માં આવનાર છે. દા.ત., જૂન-૨૦૨૪થી તો તેમની બેઠક વ્યવસ્થા તૈયાર કરી દેવી.
- જ્યાં ધો-૯, ૧૦, ૧૧, ૧૨ (સામાન્ય પ્રવાહ)ની શાળા છે ત્યાં કેટલા માન્ય વર્ગો છે ? કેટલી વિદ્યાર્થી સંખ્યા છે ?
- ધો-૧૦ અને ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)ના રીઝલ્ટ સાથે વિદ્યાર્થી ભાઈ-બહેનોને આનુસાંગિક પ્રમાણપત્રો તથા સર્ટી મળી જાય તેમ ગોઠવણ કરવી.
- વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પોતાની શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવવા માટે માર્ગદર્શન આપવું...
- વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે બેઠક વ્યવસ્થા (પાટલી, વર્ગખંડ, હવાઉજાસ, અવરજવર)ને ધ્યાનમાં લઈ ગોઠવણ કરવી. શૌચાલય, ભૌતિક સુવિધાઓ માટે મંડળને જાણ કરવી.
- શિક્ષકો, બિન શૈક્ષણિક સ્ટાફ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે કે નહિ ? તેની ચિંતા સેવી શાળા મંડળને લેખિતમાં જાણ કરી, મુલાકાત ગોઠવી, ચર્ચા-વિચારણા કરી શૈક્ષણિક કાર્યની ગોઠવણ કરવી.
- માતૃત્વ, પિતૃત્વ અથવા બિમારીના કારણે લાંબા સમય સુધી રજા ઉપર રહેનાર શિક્ષક ભાઈ-બહેનોના વિષયોનું શૈક્ષણિક કાર્ય ખોરંભે ના પડે તેના માટે મંડળ, ટ્રસ્ટી, ડી.ઈ.ઓ.ની સાથે પરામર્શ કરી વૈકલ્પિક વ્યવસ્થાની ગોઠવણ કરવી.
- જરૂર પડે આઉટસોર્સીંગ સ્ટાફ, પ્રવાસી શિક્ષક, શાળા મંડળના ખર્ચમાંથી, ભૂતપૂર્વ વિદ્યાર્થી ફંડ, દાતાઓના ફંડ, સૌજન્યથી પેરેન્ટ એસોસીએશનને સાથે રાખી બને તેટલો વિદ્યાર્થી શિક્ષક રેશિયો જાળવવા પ્રયત્ન કરવો.

- આચાર્ય તરીકે ભાગે આવતા તાસ લેવા અને વધારાના તાસ લેવાના થાય તો પણ લઈ શૈક્ષણિક કાર્યની ખોટ પૂરવા કોશીશ કરવી. "થાય તેટલું કરાય".. એવું નહિ "કરીએ એટલું થાય" તે મંત્ર યાદ રાખીશું. વધુ સત્ર-૧ જૂન-૨૦૨૪નું આયોજન તેમજ જૂન-જુલાઈ માસનું આયોજન રજૂ કરીશ...

• • •

**હે દેવી શારદા !**
**અમને સાચું બોલવાનું બળ આપો.**
**અમારી વાણીને પ્રિય અને મધુર બનાવો.**
**અમારી વાણીને સૌંદર્ય બક્ષો.**
**અમારી વાણીને પ્રભાવ આપો.**
**અમારી વાણીને ગૌરવ આપો.**
**વાણી, એક શક્તિ છે. આ શક્તિથી અમારો સદાય વિજય હોય.**

- (સામવેદ)

**જૂન-૨૦૨૪થી શરૂ થતાં સત્ર-૧ની શુભેચ્છાઓ...**

- પ્રથમ તો પ્રવેશપાત્ર વિદ્યાર્થી ભાઈ-બહેન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશથી વંચિત ના રહી જાય તેની કાળજી લઈએ. પ્રવેશ માટેનો અપેક્ષિત સ્રોત એટલે આપણી માધ્યમિક શાળાની આસપાસ આવેલ પ્રાથમિક શાળાઓની માહિતી, પ્રાથમિક શાળાઓના આચાર્યોની સંપર્ક યાદી સાથે રાખવી. હાલ, સ્વનિર્ભર શાળાઓ યેનકેન પ્રકારે, પ્રલોભનો આપી પ્રવેશપાત્ર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પોતાની શાળાઓમાં પ્રવેશ માટે ખેંચી જાય છે તેનો ખાસ ખ્યાલ રાખવો. ગ્રાન્ટેડ શાળાઓએ વિદ્યાર્થી ભાઈ-બહેનોને કેન્દ્રમાં રાખી માન્ય વર્ગોની વિદ્યાર્થી સંખ્યાને પ્રવેશ માટે પહેલ કરવી. આ માટે શાળાના શિક્ષક ભાઈ-બહેનો, બિન-શૈક્ષણિક સ્ટાફ, ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો, ગામના શાળા પ્રત્યે લાગણીશીલ વાલીઓનો સહકાર લઈ શકાય. કોમ્પીટિશનનો જમાનો છે, માર્કેટીંગનો જમાનો છે. જમાના સાથે કદમ મિલાવવા જ રહ્યા.
- પ્રવેશ બાદ વર્ગખંડોમાં બેસવાની વ્યવસ્થા ગોઠવણી ધ્યાનમાં લેવી. વર્ગખંડો માટે નાનું-મોટું સમારકામ શાળા શરૂ થતાં પહેલાં કરાવી લેવું. શાળાનું ઈલેક્ટ્રીફિકેશન કામકાજ જોઈ લેવું, ચકાસી લેવું. સ્ટાફ પરિવાર, વિદ્યાર્થી ભાઈ-બહેનોની આરોગ્યવિષયક સુવિધાઓને પણ જોઈ લેવી. જૂન-જુલાઈમાં વરસાદ પડવાની શક્યતા

હોઈ શાળાના મુખ્ય (દરવાજા) ગેઈટથી વર્ગખંડોમાં અવરજવરની સુવિધા ચકાસી લેવી. જૂના ઝાડ-ઝાંખરા, ડાળીઓ, બાગ-બગીચા, ફૂલ-છોડ, કંપાઉન્ડ વોલ, નાનો મોટો પ્રાર્થનાખંડ, હોલ વિગેરેનું સમારકામ કરાવી દેવું. વિદ્યાર્થી ભાઈ-બહેનોને બેસવાના આસન, પટ્ટા, સંગીતના સાધનો તેમજ બેસવાની બેન્ચીસ પણ બેઠક માટે યોગ્ય છે કે નહીં તે ચકાસી લેવી. વર્ગખંડોમાં જાળાં કે કચરો હોય તો સાફ-સફાઈ કરાવી દેવી.

- હાશ ! હવે શાળામાં બેસવાની વ્યવસ્થા બાદ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટેના પાઠ્યપુસ્તકો શિક્ષકો વિદ્યાર્થી ભાઈ-બહેનોને વહેલામાં વહેલી તકે પ્રાપ્ત થાય એ અત્યંત જરૂરી છે. પાઠ્યપુસ્તકોની સાથે સાથે જે વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રવેશ મળી ચૂક્યો છે. તેમને શૈક્ષણિક કીટ જેવું મળી રહે તે માટે ગામ આગેવાનો, વાલીઓ, શિક્ષકો, એન.જી.ઓ.નો સહકાર મેળવી આગેકૂચ કરવી. શક્ય હોય તો શાળા શરૂ થતાં પહેલાં સમગ્ર આયોજન માટે શાળા મંડળ, સ્ટાફ પરિવાર, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો, એન.જી.ઓ. સાથે આચાર્યશ્રીએ પોતાને યોગ્ય લાગે તે રીતે ફોન દ્વારા અથવા મિટીંગનું આયોજન ગોઠવવું. મુદ્દાસર શાળાની બાબતોને ધ્યાનમાં રાખી સંપૂર્ણ સહકાર મેળવવાની કોશિશ કરવી.
- પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રવેશકાર્ડ મળી જાય એટલું જ નહિ પ્રવેશ મેળવેલ બાળકોને પોતાના યુનિફોર્મ સાથે શાળાનો બેઝ આપવો. જેથી યુનિફોર્મ પર ચિપકાવી શકે. શાળાના વિદ્યાર્થી તરીકે ઓળખ પ્રસ્થાપિત થાય.
- આચાર્યશ્રી દ્વારા બિનશૈક્ષણિક સ્ટાફ પરિવારને પ્રવેશ પામેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોના પ્રવેશ આનુસાંગિક તમામ દસ્તાવેજ, આધાર-પુરાવા મેળવી લેવા ખાસ સૂચના આપવી. જેથી વિદ્યાર્થી ભાઈ-બહેનોને મળવાપાત્ર લાભથી લાભાન્વિત કરી શકાય. દા.ત., પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ, વ્યાજમુક્ત લોન શિષ્યવૃત્તિ, ટ્રાયબલ સબપ્લાન, આંતર રાજ્ય શિષ્યવૃત્તિ, ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ, શિક્ષકોના બાળકોની શિષ્યવૃત્તિ, તેજસ્વી વિદ્યાર્થીને ફેલોશીપ આર્થિક સહાય યોજના વિગેરેનો લાભ આપી શકાય.
- શૈક્ષણિક સ્ટાફ પરિવારને સાથે રાખી પોતાની શાળાનું ટાઈમટેબલ તથા શાળા કેલેન્ડર બોર્ડના કેલેન્ડરને ધ્યાનમાં રાખી બનાવવું તથા સ્થાનિક પ્રજાકીય મેળા-પ્રસંગો-તહેવારોને પણ અચૂક ધ્યાનમાં લેવા. વળી, શિક્ષક ભાઈ-બહેનો પોતાની દૈનિક નોંધપોથી પણ પૂરેપૂરી વિગતોથી ભરી અને રોજ-બરોજ દૈનિક નોંધપોથી આચાર્ય

સમક્ષ રજૂ કરે, તે એટલું જ મહત્વનું છે. હા... કોઈ કારણસર દૈનિક નોંધપોથીના શૈક્ષણિક કાર્યમાં ફેરફાર અવકાશ હોઈ શકે. પરંતુ આગોતરું આયોજન શાળા માટે ખૂબ જ ફલદાયક રહેશે. જેમાં શંકાને સ્થાન નથી.

- ફૂલ પ્રૂફ સમગ્ર આયોજનને ધ્યાનમાં લઈ શાળા શરૂ થતાં જો આચાર્ય મેદાનમાં ઉતરશે તો "ભાર વગરનું શિક્ષણ ચોક્કસ પિરસી શકાશે."
- આચાર્ય તરીકેનો પોતાનો આત્મવિશ્વાસ અને પોતાના સ્ટાફ પરિવારને સંપૂર્ણ વિશ્વાસમાં લઈ ખુલ્લા દિલથી ચર્ચા વિચારણા કરી આયોજનને આખરી ઓપ આપશો. તો સત્ર-૧ના શરૂઆતથી જ તમારી કામગીરીને ચાર ચાંદ લાગી જશે.
- શાળા મંડળ, ગ્રામજનો, ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાલીઓ તથા એન.જી.ઓ.નો સહકાર સોનામાં સુગંધ ભળશે. આચાર્યશ્રીએ પણ પોતાની લોગ-બુક ભરવી, અદ્યતન રાખી નિભાવવી.
- શાળામાં જરૂરી પત્રકો સમયસર મંગાવી તેનું વિતરણ પણ સત્વરે થાય એટલું જ જરૂરી છે.
- કાયમી નિભાવવાના રજીસ્તરો, પત્રકો, દસ્તાવેજો, આધાર-પુરાવાઓ પર નજર નાંખી લેવી.
- જેમાં નોંધ કરવાની બાકી હોય, નોંધ કરવાની થતી હોય તે તમામને અપડેટ રાખવા.
- નશ્યત કરવાનાં, નિકાલ કરવાના પત્રકો, પ્રશ્નપત્રો, જવાબવહીઓ, અન્ય કાગળો-પત્રો, પુસ્તકો, લાયબ્રેરીના મેગેઝીનો, અંકો, પેપર્સ, પંચનામું, રોજકામ કરી, સત્વરે યોગ્યરાહે નિકાલ કરવો. નવા મેગેઝીન, મુખપત્રો, અંકો તથા સંદર્ભ પુસ્તકો મંગાવવા.
- ડેડ સ્ટૉક નિભાવવાના થતા હોય, પત્રકો, જી.આર., વર્ષવાર પરિણામ પત્રકો કાળજીપૂર્વક રેકર્ડ વર્ગીકરણ મુજબ રાખવા.
- આગામી આયોજન મુજબ શાળામાં વૃક્ષારોપણ, દાતાઓનું સન્માન, સારું પરિણામ લાવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન, વગેરે જેવા કાર્યક્રમો ગોઠવવા.
- ડિજિટલાઈઝેશન માહિતી શાળા માટે એટલી જ મહત્વની છે. દા.ત., શાળા ઈ-મેઈલ આઈ.ડી.... પાસવર્ડ શાળા... લોગિન આઈ. ડી.... પાસવર્ડ શાળા ખેલ મહાકુંભ લોગિન આઈ.ડી... પાસવર્ડ વગેરે જેવી આચાર્ય પાસે હાથવગી હોવી જરૂરી છે.
- સમય પ્રત્યે જેઓ જાગ્રત નથી, એમને સમય ઉંઘતા ઝડપી લે છે.
- અંતમાં આપણે સમયનું ધ્યાન નહિ રાખીએ તો સમય આપણું ધ્યાન નહિ જ રાખે...

★ ★ ★

॥ भवानीशंकरो वन्दे ॥

# શિક્ષણસન્ધિ

– પ્રધાનાચાર્ય ડૉ. અમૃતલાલ ભોગાયતા
બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, નડિયાદ.

'શિક્ષ' ધાતુથી શિક્ષણ શબ્દ બન્યો છે, જેનો અર્થ છે 'विद्यापार्जन' અર્થાત્ વિદ્યા, શિક્ષા આદિ એના અર્થમાં આવે. સંધિ એટલે જોડાણ, સમન્વય વિગેરે અર્થમાં છે. આ લેખમાં પ્રાચીન ગુરુકુળ પરંપરામાં જે ઋષિ સંસ્કૃતિ હતી એ પ્રાચીન જ્ઞાનપરંપરા અને અર્વાચીન કે અદ્યતન શિક્ષણપરંપરાનો સમન્વય એવો અર્થ જાણવો જોઈએ.

જ્યારે કોઈ દીવાલમાં નવું રંગરોગાન થાય ત્યારે જૂનાને ઘસવું પડે, જોવું પડે એ જૂના રંગ સાથે નવો રંગ નિખરશે કે નહીં. નવા રંગમાં ઉજરડાઓ તો નહીં દેખાય ને, જૂના રંગની અસરથી નવા રંગને પૂરક શક્તિ પ્રાપ્ત થાય છે કે વિકૃતિ પ્રાપ્ત થાય છે એ જોઈને નિપુણ માણસો નવું ઘર તૈયાર કરતા હોય છે. નવા આંગણામાં જો આપણે નર્સરીમાં (છોડ ઉછેરકેન્દ્ર)થી છોડ લાવીએ છીએ તો તે જૂની માટીને સાથે લાવે છે. એ જૂની માટી અને નવી આપણા પ્રવર્તમાન આંગણાની માટીનો સમન્વય છોડને ઉછેરવામાં મદદરૂપ થાય છે. આ જ રીતે અદ્યતન શિક્ષણની બધી આધુનિકતાનો સ્વીકાર કરવો એ ઉત્તમ કાર્ય છે પણ પ્રાચીન મૂલ્યોના મૂળને પણ જાળવી રાખવા જોઈએ. બન્નેનો સમન્વય થાય તો શિક્ષણમાં એક અદ્ભુત ઇચ્છનીય ક્રાન્તિ આવે. શિક્ષણના રથની ગતિ કરવી હશે તો બન્ને ચક્રોની સંભાળ રાખવી પડશે. કોઈની પણ ઉપેક્ષા થાય તો અપેક્ષિત ફળશ્રુતિ ન મળે. પ્રાચીન ગુરુકુળ પરંપરાના મૂલ્યો અને આજની ભૌતિક સાધનસામગ્રી અને અભિનવ આવિષ્કાર બધું એક થાય એ જરૂરી છે. મહાકવિ કાલદાસ સ્વયં લખે છે કે ''सङ्गतं श्रीसरस्वत्योर्भूतयेऽस्तु सदा सताम्'' અર્થાત્ જ્ઞાન અને સુવિધા-સમૃદ્ધિ બન્નેની સંગતિ આવશ્યક છે. એ જ કવિ આગળ લખે છે કે ''पुराणमित्येव न साधु सर्वम्'' અર્થાત્ જૂનું બધું જ ઉત્તમ હોય અને નવું યોગ્ય ન હોય એવું માનવાની કોઈ જરૂર નથી. સમયે સમયે મીમાંસા કરવી જોઈએ. પ્રવર્તમાન સમયમાં અર્થકરી વિદ્યાનું મહત્ત્વ વધારે છે એ બાબતે કવિ લખે છે કે,

"तं ज्ञानयण्यं वणिजं वदन्ति" માત્ર આજીવિકા અને સમૃદ્ધિ માટે જ ભણાવવામાં આવે તો એ જ્ઞાનનું આદાનપ્રદાન એક વેપારથી વધારે કંઈ નથી. શ્રીમદ્ ભાગવત્-પુराणम्માં શિક્ષણને અરમીમંથન સાથે તુલના કરીને કહ્યું છે કે આ અરણીમંથન સતત ચાલે તો જ્ઞાનદીપ્તિ થાય.

આ અંગે એક પ્રસંગ મહાકવિ કાલિદાસ રઘુવંશમ્ મહાકાવ્યના પાંચમાં સર્ગમાં ટાંકે છે. આ સર્ગની વિગતો શિક્ષણવિદ્ લોકોએ અવશ્ય વાંચવી જોઈએ.

પ્રસંગ એમ છે કે વરતન્તુ નામના આચાર્ય, કૌત્સ નામનો વિદ્યાર્થી તથા રઘુ નામના સૂર્વયંશી રાજા જેમના નામની કીર્તિ આજે પણ ગવાય છે કે

रघुकुलरीति सदा चली आई, प्राण जाय पर बचन न जाई ।

પ્રસંગ – પ્રાચીન ગુરુકુળોમાં રાજા તથા રંક બધાના બાળકો સમાન વ્યવસ્થામાં ઋષિ-મુનિના સાન્નિધ્યમાં ભણતાં હતાં. ગુરુને અભ્યાસ પૂર્ણ થતા ગુરુદક્ષિણા આપવી અને જે તે માગે કે કહે એ આપવું ઉત્તમ ગણાતું. આમાં શિષ્યના સામર્થ્યની અને નિષ્ઠાની કસોટી થઈ જતી. આપણે એકલવ્ય, અર્જુન, આરુણિ, ઉપમન્યુ અને ભગવાન શ્રીકૃષ્ણની ગુરુદક્ષિણા વિશે જાણીએ છીએ. પરંતુ કૌત્સ કદાચ અત્યારના છાત્રો અને ગુરુઓ માટે અનભિજ્ઞ હોય એવું બને. કૌત્સ ખૂબ જ ગરીબ ઘરનો વિદ્યાર્થી હતો. ખૂબ જ તેજસ્વી, જેમ ધગધગતી ધરા પહેલા વરસાદનું પાણી ગ્રહણ કરે તેમ વરતન્તુ ગુરુ પાસે ચૌદ વિદ્યાઓ માત્ર ભણતો જ નથી પરંતુ આત્મસાત્ કરે છે. અભ્યાસ પૂર્ણ થયા પછી દક્ષિણા માટે આગ્રહ કરતાં ગુરુ તેની જ્ઞાનનિષ્ઠા અને સેવાને જ દક્ષિણા માને છે. પરંતુ કૌત્સની બાલહઠ અને દુરાગ્રહથી ગુસ્સે થયેલ ગુરુ વરતન્તુ તેને ચૌદ કરોડ સુવર્ણમુદ્રા આપવાનું કહે છે. શિષ્ય કૌત્સ તત્ક્ષણ આશીર્વાદ લઈને ત્યાંથી રવાના થાય છે. એ રઘુ રાજા પાસે જાય છે પરંતુ ત્યાં કૌત્સ રઘુરાજા પગ ધોવા પાણી લઈ આવે છે એ પાત્ર સોનાનું ન હતું પણ માટીનું હતું, તેથી કૌત્સ સમજી જાય છે કે રાજાએ વિશ્વજિત યજ્ઞમાં પોતાનું સર્વસ્વ ધન દાનમાં આપી દીધું છે.

જેમ ચાતક નામનું પક્ષી શરદઋતુના વરસી ગયેલ વાદળ પાસે પાણીની માંગ ન કરે તેમ તે રઘુ રાજાને કંઈ પણ કહ્યા વગર ત્યાંથી અન્યત્ર જવાની તૈયારી બતાવે છે. પણ રાજહઠથી તે કૌત્સને કહે છે કે આપ ગુરુદક્ષિણા લીધા વગર અહીંયાથી જશો નહીં. અમારી

યજ્ઞશાળામાં આપ ચતુર્થ અગ્નિની જેમ બિરાજો. રાજા તત્કાલ સૈન્ય તૈયાર કરી કુબેર ઉપર આક્રમણ કરવાની તૈયારી કરે છે ત્યાં તો રાજાના પ્રભાવને જાણતાં એવા કુબેરે સુવર્ણ મુદ્રાઓથી તેના મહેલને ભરી દે છે. હવે જે વાત છે એ મહત્ત્વની છે. રાજા બધું જ સોનું કૌત્સને આપવા કહે છે. અતિગરીબ એવો કૌત્સ ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ મુદ્રાથી એક પણ વધારે ન લેવા કટિબદ્ધ છે. આ દૃશ્ય જોઈ અયોધ્યાની જનતા ખૂબ જ પ્રસન્ન થઈ કે રાજા બધું આપવા તૈયાર છે ત્યારેલેનાર બધું લેવાની ના પાડે છે. છેલ્લે અનેક રથ, હાથી, ઘોડા વગેરે ઉપર સુવર્ણ મુદ્રાઓ રાખી એક ભવ્ય દક્ષિણાયાત્રા સાથે કૌત્સ વરતન્તુ ગુરુને દક્ષિણા સમર્પિત કરે છે.

''वाग्देवी वदनाम्बुजे वसति चेत् को नामदीनो जनः ।'' જેના ઉપર સરસ્વતીની કૃપા હોય ત્યાં લક્ષ્મી આવે જ. આવો દૃઢ વિશ્વાસ ચરિતાર્થ થાય છે.

અહીંયા રઘુ રાજા એટલે સત્તા, સરકાર અને કૌત્સ એટલે વિદ્યાર્થી તથા વરતન્તુ એટલે પ્રધાનાચાર્ય. આ ત્રણેય શિક્ષણને સમર્પિત હોય તો લોકોને, સમાજને, સંસારને શિક્ષણજગત ઉપકારક બની શકે છે.

આજે આપણે બાળકોને ડૉક્ટર, વકિલ, ઈજનેર બધું બનાવવા તો માગીએ છીએ પરંતુ એનો હેતુ એવો હોય કે છાત્ર કે બાળક દર્દીઓને સ્વસ્થ બનાવવા ડૉક્ટર થાય. નિર્દોષને ન્યાય અપાવવા વકિલ થાય અને ઉત્તમ રહેવાની વ્યવસ્થા ઊભી થાય તે માટે ઈજનેર બને તો શિક્ષણ યથાર્થ છે એમ માનવું જોઈએ. પરંતુ વધારેમાં વધારે વળતર લેવું અને અમીર થવું એ જ જો વિદ્યા ગ્રહણ લક્ષ્ય હોય તો શિક્ષણ નિષ્ફળ ગણાય.

''तेन त्यक्तेन भुञ्जीथाः'' ત્યાગીને ભોગવવાની રીત જ ઉત્તમ છે.

આજ પણ ગુરુકુળ પરંપરામાં ભણતા-ભણાવતા બાળકો અને ગુરુજનોમાં આવી ઉમદા ત્યાગભાવના જોવા મળે છે.

પ્રાચીન સમયમાં વેદોને લખવામાં ન આવતા એ પરંપરાથી મૌખિક ભણવા-ભણાવવામાં આવતા, જેથી સ્મરણશક્તિ મજબૂત થતી હતી. શલાકા પરીક્ષાઓ, તેનાલી પરીક્ષાઓ દ્વારા બુદ્ધિને તીક્ષ્ણ બનાવવામાં આવતી હતી. શતાવધાન, સહસ્રાવધાન જેવી પરીક્ષાઓ કે જે

લુપ્ત થઈ રહી છે એ જરૂરી છે. અદ્યતન સામગ્રી મોબાઈલમાં ગણતરી ક્ષણમાં થઈ જાય છે તેથી હવે ઘડિયા યાદ કરવા અને કંઠસ્થીકરણ ધીરે ધીરે લુપ્ત થતું જાય છે. કુદરતનો ક્રમ છે કે જે શક્તિનો ઉપયોગ ન થાય એ ધીરે ધીરે ક્ષીણ થવા લાગે. આપણા બૌદ્ધિક સ્તરની પણ એ જ સ્થિતિ થવાની છે.

માણસમાં રહેલ અખૂટ શક્તિ બહાર આવે અને "सा विद्या या विमुक्तये" અર્થાત્ વિદ્યા થકી કુરિવાજ વગેરેમાંથી સમાજ કે સંસાર મુક્ત થાય અને આપણું યુવાધન વધારેમાં વધારે તેજસ્વી અને સંનિષ્ઠ બને એ ઈચ્છનીય છે. માતા-પિતા, આચાર્ય, પર્યાવરણ, સમાજ બધાને કૃતજ્ઞ થાય એ પણ ઈચ્છનીય છે.

સૂર્યનો ઉદય થાય એટલે ખાલી પ્રકાશ કે તડકો આવે તો એવા ઉદયનો કોઈ અર્થ નથી. પરંતુ ઘસઘસાટ ઊંઘતા સમાજમાં ચેતનાનો સંચાર થાય એ જરૂરી છે. ભણતર સાથે આ બધા ગુણો વિકાસ પામે માટે પ્રાચીન ગુરુકુળ પરંપરા તથા અદ્યતન આવિષ્કારોનો સમન્વય એ વર્તમાનની જરૂરિયાત છે. મહાભારતકાર મહર્ષિ વ્યાસ લખે છે કે, "हविषा कृष्ण वृर्त्मेव भूय एवाभिवर्धते ।" અર્થાત્ ભણીગણીને વધારે ધનવાન થવું, વધારે સુવિધા ભોગવવી એના સ્થાને ઓછામાં ઓછી જરૂરિયાત સાથે સાદું જીવન કેમ જીવવું એ શિક્ષણનો હેતુ છે. ઘીથી અગ્નિને શાંત ન કરી શકાય એમ ભૌતિકવાદથી જે અપેક્ષાની ઉપેક્ષાથી એક તનાવ ઊભો થાય છે તે રોકવો જરૂરી છે.

આ બધું પ્રાચીન જીવનમૂલ્ય જાળવતા રહીએ અને અદ્યતનને પણ વિવેકપૂર્ણ દૃષ્ટિથી અપનાવતા રહીએ તો શિક્ષણ સમાજના ઉત્થાનનું કારણ બની શકે.

॥ अस्तु राम् ॥

## કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા શ્રેષ્ઠ ઈશ્વરપૂજા છે

માણસ કઈ રીતે ફરજ બજાવે છે એનો વિચાર કરી કિંમત આંકવી. થોડા વખતમાં સુંદર અને ટકાઉ પગરખાંની જોડ તૈયાર કરી શકનારો મોચી આખો દિવસ અર્થ વિનાની વાતો કરનારા અધ્યાપક કરતાં ઊંચો છે. દરેક કર્તવ્ય પવિત્ર છે. કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા શ્રેષ્ઠ ઈશ્વરપૂજા છે.

**— સ્વામી વિવેકાનંદ**

# पढ़ाई का विज्ञान-१

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

जनवरी का महीना बहुत ही महत्वपूर्ण और दिलचस्प होता है । इसलिए नहीं कि यह अंग्रेजी कैलेंडर का पहला महीना है, न ही इसलिए कि कई लग "नए संकल्प" लेते हैं जो ज्यादातर मामलों में जनवरी केपहले ७ दिनों से आगे टिक नहीं पाता हैं । लेकिन क्योंकि जनवरी का महीना "शैक्षणिक गंभीरता" का एहसास दिलाता है । यह समय है जब स्कूल गैदरिंग और क्रिसमस की छुट्टियां खत्म हो जाती हैं, शिक्षक पाठ्यक्रम पूरा करने के लिए दौड़ पड़ते हैं, छातर् नोट्स के बारे में चर्चा करते हैं और माता-पिता आगामी परीक्षा के मौसम के बारे में सचेत करने लगते हैं । पिछले दशकों में पोस्ट-ग्रेज्युएशन छात्रों के साथ मेरी बातचीत के दौरान, मैंने यह भी देखा है कि कुछ छात्रों को जनवरी में यह जानकर अचानक झटका लगता है कि परीक्षा का समय करीब है । उनकी प्रतिक्रियाएँ इतनी आश्चर्यजनक होती थीं कि एक संदेह पैदा हो जाता था कि क्या यह बात उन्हें शैक्षणिक वर्ष करी शुरुआत में नहीं बताई गई थी ? कुछ भी हो, एक बात का अनुभव हम जरूर करते है, यह महीना छात्रों, शिक्षकों और माता पिता इन सभी को पढ़ाई के प्रति सीरियस बना देता है । मामले-दर-मामले के आधार पर, इनमें से एक वर्ग तनाव उत्पन्न करता है और इसे उच्च तीव्रता के साथ समूह के अन्य दो सदस्यों तक पहुंचाता है । इतना ही नहीं, परीक्षा समाप्त होने तक नियमित अंतराल पर इस तनाव को बढ़ाता भी रहता है ।

"अमीर वर्ग" के छात्र यानी, जो आम तौर पर कक्षा में पहले दस में आते हैं, वे पहले से ही तैयार हैं क्योंकि यह उनका "शो टाइम" है, "गरीब वर्ग" के छात्रय यानी, जो आम तौर पर कक्षा के अंतिम १० में आते हैं, उनके लिए यह समय वर्ष का सबसे कठिन समय होता है क्योंकि हर कोई उन्हें पढ़ाई और् उसकसे महत्व पर व्याख्यान देता है, जबकि "मध्यम वर्ग" के छात्र यानी, जो आम तौर पर कक्षा में १० से ४० के बीच में नंबर लाते हैं, अपनी गति से परीक्षा की तैयारी शुरू करते हैं, और अच्छा प्रदर्शन करने की उम्मीद करते हैं । फिर भी, बहुसंख्यक छात्र और उनके माता पिता असाधारण तनाव महसूस करते हैं । तो इसलिए सवाल आता है, की तनाव का मुख्य कारण अगर परीक्षा


है, तो क्या ये परीक्षा कराना उचित है ? हमें परीक्षा कराने की आवश्यकता क्यों है ?

इस प्रश्न का उत्तर दूसरा प्रश्न पूछकर दिया जा सकता है । हमारे घर् में आईने क्यों होते हैं ? हम इन आँखों से सुंदर प्रकृति, हरे-भरे पेड़ और जंगल, नीला समुद्र और आकाश, रंग-बिरंगे इंद्रधनुष, पहाड़, विभिन्न प्रजातियाँ और् न जाने क्या-क्या देखते हैं । लेकिन दुर्भाग्यवश वही आँखें हमारा अपना चेहरा नहीं देख पातीं । ईश्वर की सर्वोत्तम रचना को उन्हीं आँखों से नहीं देखा जा सकता जो अन्यथा चारों ओर की हर चीज को देख सकती है । अगर चेहरे पर गंदगी है तो हमें चेहरा धोकर आईने में देखना होगा और् पुष्टि करनी होगी कि अप चेहरा साफ है । जब हमें किसी समारोह में जाना होता है तो हम शीशे में अपना पहनावा, चेहरा और हर चीज देखते हैं कि हम कैसे दिख रहे हैं । इसलिए हमें अपने ही बारे में जानने के लिए, यह जांचने के लिए कि हम कैसे दिखते हैं, हमें अपने संदर्भ के लि कुछ चाहिए । जो बात ''शारीरिक दिखने की जाँच की'' जिसके लिए हम आईने का इस्तेमाल करते है, मतलब किसी बाह्य वस्तु का इस्तमाल करते है । वैसे ही हमारी ''शैक्षणिक प्रगति'' की जाँच के लिए परीक्षाओं का महत्त्व है । हालाँकि कोई भी परीक्षा की वर्तमान प्रक्रिया की खामियों पर बहस कर सकता है, लेकिन कोई भी संभवतः किसी न किसी रूप में परीक्षा कराने की आवश्यकता से इनकार नहीं कर सकता है । परीक्षा हमें आगे बढ़ाने के लिए है, मार्ग दिखाने के लिए है ।

प्राचीन भारतीय परंपरा में गुरु छात्रों की परीक्षा उनके व्यवहार के माध्यम से लेते थे, दैनिक जीवन की स्थितियों के माध्यम से छात्रों की प्रतिक्रियाओं को देखते थे, और उस समय शिक्षा दैनिक जीवन का अभिन्न अंग थी । छात्रों में आत्मसात किए गए मूल्य उनके कार्यों के माध्यम से प्रदर्शित होते हैं, जिसके परिणामस्वरूप अंततः भौतिक गतिविधियों और पारिवारिक कल्याण के प्रदर्शन के लिए आवश्यक ''कौशल विकसित करना'' होता है । इसीलिए प्राचीन भारत में आम आदमी जीवन के भौतिक एवं आध्यात्मिक दृष्टिकोण से कभी भ्रमित नहीं होता था । शिक्षा का ध्यान मूल्यों को आत्मसात करने पर था और् कौशल प्रशिक्षण इसका परिणाम हुआ करता था । यह उतना ही स्पष्ट और मालिक था जितना कि शिक्षा का उद्देश्य और गुरु के प्रयास अपने छात्रों को ''प्रज्ञावान'' (Wise) बनाने के लिए निर्देशित थे, न कि ''स्मार्ट'' बनाने के लिए । स्वभाव से, कौशल बाहरी होते हैं, जिन्हें प्रदर्शित या प्रस्तुत किया जा सकता है और इसलिए सीखा, अनसीखा और पुनः सीखा जा

सकता है । समय के साथ कौशल अनावश्यक हो जाते हैं और इसलिए इन्हें अनसीखा करने की आवश्यकता होती है और भौतिक गतिविधियों को निष्पादित करने के लिए, प्रासंगिक होने के लिए, नए कौशल हासिल करने की आवश्यकता भी होती है । मूल्यों के मामले में ऐसा नहीं है । मूल्य मूल्यवान हैं क्योंकि वे अभिन्न और मूल हैं और मानव व्यक्तित्व की नींव रखने में सहायक हैं । मूल्य कौशल प्राप्त करने में मदद करते हैं लेकिन इसका विपरित सच नहीं है । मानवीय भाषा में, मूल्य ''आत्मा'' के समान होते हैं जबकि कौशल ''मानव शरीर'' के समान होते हैं । पर जीवन का खेल खेलने के लिए दोनों का महत्व है ।

वर्तमान शिक्षा प्रणाली संभवत: ''कौशल'' पर अत्यधिक जोर देती है जो कभी-कभी ''मूल्यों'' को किनारे कर देती है और फिर ''ज्ञान'' के भेष में छात्रों पर ''समसामयिक जानकारी'' (contemporary information) का बोझ डालती है और फिर समान मापदंडों का उपयोग करके सभी का परीक्षण करती है । जाहिर है, स्कूल या कॉलेज की शिक्षा के दौरान छात्र की वास्तविक क्षमता कभी कभी उजागर ही नहीं हो पाती है । और जब तक छात्र स्नातक हो जाता है, तब तक तथाकथित ज्ञान, जो ''समसामयिक जानकारी'' ही था, पहले से ही अनावश्यक हो चुका होता है, जिससे छात्र निराश हो जाता है । नई शिक्षा नीति के कार्यान्वयन के साथ, हमें इसमें एक बड़ा बदलाव देखने की उम्मीद है ।




हमारी परीक्षाएँ मूलत: क्या हासिल करने का प्रयास करती है ? वे हमें उस ''प्रगति'' के बारे में बताने के लिए डिजाइन किए गए हैं जो हमने अपनी पढ़ाई में, अपनी अकादमिक शिक्षा में की है । शिक्षा महत्वपूर्ण है, क्योंकि इसने मानव जाति को बहुत सी चीजें हासिल करने में मदद की है । मेरे गुरु हमेशा कहा करते थे के, एक बच्चे की शिक्षा एक सामाजिक त्रिकोण है, जिसमें शिक्षक, माता-पिता और छात्र - हर एक की विशिष्ट भूमिका

है । प्रमुख भूमिकाएँ शिक्षकों और माता-पिता द्वारा निभाई जाती है क्योंकि वे ही हैं जो ''देने'' का संयोजना बनाते हैं जबकि एक छात्र मुख्य रूप से ''लेने वाला'' होता है । शिक्षकों और माता-पिता की भूमिका ''सक्रिय'' होती है जबकि छात्र की भूमिका ''प्रतिक्रियाशील'' होती है । जब तक, शिक्षक और माता-पिता ''पूर्ण'' कोन नहीं बनाते हैं, शैक्षिक त्रिकोण कभी भी आदर्श ''समबाहु त्रिकोण'' संयोजन प्राप्त नहीं कर सकता । एक बार हम ये समझ जाते हैं तो छात्रों की शिक्षा और् उसकी प्रक्रिया को समझने की प्राथमिक जिम्मेदारी सबसे पहले शिक्षकों और् माता-पिता की होती है । शिक्षा की वैज्ञानिक प्रक्रिया को जाने बिना हम माता-पिता और शिक्षक के रूप में अपनी भूमिका का निर्वहन नहीं कर पाएंगे । छात्रों को भी यह जानने की जरूरत है क्योंकि तभी अध्ययन अधिक सार्थक और प्रभावी हो सकता है ।

तो आइए ''पठाई का विज्ञान'' की अपनी यात्रा शुरू करें जिस पर हम लेखों की इस श्रृंखला के माध्यम से चर्चा करेंगे । हैप्पी लर्निंग !

## पढ़ाई का विज्ञान-२

शैक्षणिक अध्ययन विद्यार्थी जीवन के महत्वपूर्ण पहलुओं में से एक है । प्रारंभिक वर्षों में सभी छात्रों को सभी शैक्षणिक विषयों के अभिविन्यास के रूप में भाषाएं, विज्ञान, गणित, इतिहास, भूगोल और नागरिक शास्त्र पढ़ाया जाता है । ताकि जब वे पर्याप्त रूप से युवा हो जाएं, तो वे अपने रुचि या पसंद के अनुसार अपने कैरियर का चयन कर सकें । इन महत्वपूर्ण विकास चर्‌ण के दौरान, माता-पिता और शिक्षकों की ''राय'' छात्रों के मन पर अपरिवर्तनीय और् गहरा प्रभाव डाल सकती है । ऐसे में हमें अपने बच्चे के शिक्षकों, या छात्र के माता-पिता के बारे में, किसी विशेष शैक्षणिक विषय के बारे में बच्चों से बात करते वक्त ''हमारे समय'' का कहानियाँ साझाकरते वक्त बेहद सावधान रहने की आवश्यकता होती है । हमें छात्रों को अपनी राय बताते वक्त बेहद सावधान रहने की जरूरत है, ताकि तथ्यों को राय से यशासंभव अलग किया जा सके । जैसे कि प्रसिद्ध सेलुलर जीवविज्ञानी चर्चा करते हैं कि कैसे एक बच्चे के आसपास का ''वातावरण'' उसके जीवन का ब्लू प्रिंट बनता है । जो बच्चे के जीवनभर के निर्णय और उसकी राय पर असर डालते हैं । कम उम्र में यह ''वातावरण'' माता-पिता, दादा-दादी, दोस्तों, रिश्तेदारों, डे केयर यूनिट संचालकों

और फिर शिक्षकों द्वारा बनाया जाता है । बच्चे वस्तुतः विभिन्न जीवन स्थितियों के माध्यम से हमारी सभी प्रतिक्रियाओं को मानो विडियो रिकॉर्ड कर रहे हैं और अपनी राय जीवन की तरफ देखने का नजरिया बना रहे हैं । शैक्षणिक विषयों के बारे में हमारी पारित टिप्पणियाँ और निर्णय उनकी राय को काफी हद तक प्रभाति करती है ।

मेरे गुरुजी हमेशा माता-पिता और शिक्षकों को सलाह देते थे कि वे बच्चे और उसकी शिक्षा के प्रति अपनी जिम्मेदारी के प्रति बेहद जागरूक और सचेत रहें । जैसा कि पहले चर्चा की गई है, यह एक ''त्रि-पक्षीय'' लेनदेन है, जहां माता-पिता, शिक्षक और छात्र प्रत्येक पक्ष को एक विशिष्ट भूमिका निभानी होती है । जिस क्षण हम कहते हैं कि यह एक लेन-देन है, तो उसमें एक देने वाला और एक लेने वाला होना चाहिए । स्पष्ट रूप से शैक्षणिक दृष्टिकोण से, शिक्षक और माता-पिता ''दाता'' हैं और छात्र या बच्चा ''लेने वाला'' है । प्रश्न यह है कि हम क्या और कैसे दे रहे हैं, और प्राप्तकर्ता इसे कैसे ''ले'' रहा है । ''सीखने की प्रक्रिया'' एक सार्वभौतिक प्रक्रिया है और इसलिए इसे विज्ञान कहा जाता है । ये दुनियाभर में एक ही तरह से सम्पन्न होती है, क्यूंकि वो वैश्विक है । शैक्षणिक शिक्षाक फिर वो स्कूल, कॉलेज, विश्वविद्यालय या व्यावसायिक पाठ्यक्रम को हो, भिन्न स्तर की हो, या फिर किसी भी देश में इसे पढ़ाया जाता हो, उसके बावजूद यह वैसे की वैसी ही रहेगी । हाँ, लेकिन प्रत्येक छात्र के लिए ''सीखने की विधि'' अलग अलग हो सकती है । एक शिक्षक के रूप में हमें इस तथ्य से अवगत होने करी आवश्यकता है । हालाँकि हमें निश्चित रूप से इस ''सार्वभौतिक प्रक्रिया'' के साथ-साथ सीखने के विभिन्न तरीकों पर चर्चा करने की आवश्यकता है जो प्रत्येक छात्र के लिए अद्वितीय हैं, अलग अलग है, एक शिक्षक और एक पालक के रूप में हमें सबसे पहले अपनी भूमिका के बारे में जागरूक होने की आवश्यकता है । हम ऐसा क्यों कहते हैं ?

आइए महाभारत की कहानी और भगवान कृष्ण द्वारा अर्जुन को सुनाई गई दिव्य गीता से समानता बनाएं । गीता का प्रारंभिक बिंदु क्या है ? कुरुक्षेत्र के मैदान पर कौरव और पांडव युद्ध के लिए तैयार है । युद्ध किसी भी क्षण अब शुरू हो सकता है । महान योद्धा अर्जुन अब कृष्ण से अपना रथ ले जाने और उसे युद्ध मैदान के बीचों बीच आमने-सामने खड़ा करने के लिए कहता है । तब उसने विरोधियों की ओर देखा और पाायकि वह भीष्म, कृपाचार्य, द्रोणाचार्य, अपने सभी बुजुर्गों और गुरुओं के साथ-साथ अपने चचेरे भाइयों के

खिलाफ भी लड़ रहा है । युद्ध तो बाहरवालों से है ही नहीं, सभी रिश्तेदार और हमारे ही है । यह देख तक वह उदास हो गया, अपना आत्मविश्वास खो बैठा, इस युद्ध के उद्देश्य पर संदेह करने लगा और उसने कृष्ण से पूछा, ''क्यों लड़ाई करूं ? अपने ही लोगों को मारकर इस युद्ध को जीतकर मुझे क्या हासिल होगा ??

जब जब में ये पढ़ता हूँ तो ये दृश्य आँखों के सामने लाकर की युद्ध मैदान में अप अर्जुन को पछतावा हो रहा है, ये सोचकर मुझे हमेशा आश्चर्य होता है । अर्जुन के इस सारे नाट्यपूर्ण भाव भावनाओं के बारे में भगवान कृष्ण ने क्या सोचा होगा ? यदि भगवान कृष्ण मेरे जैसे आम आदमी होते तो क्रोधित हो जाते । क्या अर्जुन इस बात को नहीं जानता था कि भीष्म, कृपाचार्य और द्रोणाचार्य उसके विरोधी होंगे ? ये कोई अचानक हुई घटना तो थी नहीं । यह तो ''सुनियोजित युद्ध'' था । अर्जुन पांडवों के साथे पहले तो वनवास भुगता, उसके बाद भगवान कृष्ण स्वयं एक महान कूटनीतिज्ञ थे, पर उसके बावजूद कौरवों को समझाने में सफल नहीं हो सके और फिर अंतिम, एकदम अंतिम उपाय के रूप में युद्ध लड़ने का निर्णय लिया गया था । तो यह सब काभी लंबे समय से हो रहा था फिर भी अर्जुन का अहंकार या अज्ञान देखिए । हर कोई युद्ध के मैदान में इकट्ठा हुआ, तब वह कृष्ण से अपने रथ को युद्ध के मैदौन के बीच में ले जाने के लिए कह रहा है और फिर उसके मन में लड़ने और मारने और अपने ही लोगों पर विजय पाने के विचार आने लगे । इसे भूल कहे या बेवकूफी या और कुछ ?

इसीलिए हम कहते हैं, हर स्थिति में अपनी भूमिका जानना बहुत महत्वपूर्ण है । जब कोई अपने कर्तव्य को लेकर भ्रमित होता है तो सबसे पहले वह अपनी पहचान को लेकर भ्रमित होता है । यद्यपि अर्जुन अपनी भूमिका और कर्तव्य भूल गया, भगवान कृष्ण के रथ के ''चालक'' होने के नाते, सही अर्थों में पूरे कार्य को चला रहे थे । वह न केवल इस घटना में, बल्कि प्रत्येक अन्य अवसर पर, अर्जुन की चेतना के स्तर के साथ आसानी से प्रतिध्वनित हो सकते थे । उसकी कल्पना, विचार और भावना सभी को एक पल में समझ जाते थे, और फिर अर्जुन को सही दिशा में, सही निर्णय की ओर ले जाने में कामियाब होते थे । महत्वपूर्ण बात ये है की सभी विकल्प समझने के बाद फैसला अर्जुन के हाथ छोड़ देते और अर्जुन जो भी फैसला ले, कृष्ण साथ देते थे । महाभारत में ऐसी कई घटनाएँ हैं जब भगवान कृष्ण ने अर्जुन को अलग अलग परिस्थिति में उपलब्ध विभिन्न विकल्प

अर्जुन को समझाये, जब असल में अर्जुन को तो कोई भी विकल्प नहीं दिखाई दे रहा था! इसीलिए अर्जुन ने कृष्ण को अपना मित्र, दार्शनिक, मार्गदर्शक और न जाने क्या-क्या कहा है ? भगवान कृष्ण सहजता से सभी अलग-अलग भूमिकाएँ निभा सकते थे जो उस जीवन स्थिति की आवश्यकता थी क्योंकि वे अपने प्रिय अर्जन की नब्ज को समझ सकते थे ।

क्या हम अपने छात्र या बच्चे के लिए शिक्षक और माता-पिता की आदर्श भूमिका निभा सकते हैं ? जब तक हम ‘‘आदर्श’’ भूमिका निभाने का प्रयास नहीं करेंगे, हमारा बच्चा या छात्र - वह ‘‘आदर्श’’ कैसे बन सकता है ? विद्यार्थियों की शिक्षा की प्राथमिक जिम्मेदारी हमारी है । मेरे गुरुजी हमेशा कहा करते थे के ‘‘माता-पिता घऱ् में शिक्षक हैं औऱ् शिक्षक स्कूल में छात्रों के माता-पिता हैं ।’’

हमें इस भूमिका को निभाने के लिए खुद को सशक्त बनाने की जरूरत है । एक शिक्षक के रूप में, हमें अपने आप से यह पूछने की जरूरत है कि क्या मैं ‘‘लोकप्रिय’’ शिक्षक बनना चाहूँगा या ‘‘प्रभावी’’ शिक्षक बनना चाहता हूँ ? कई तथाकथिक लोकप्रिय शिक्षक छात्र के जीवन को बदलने में शायद ही प्रभावी हों । वैसे ही मैं जैविक माँ या पिता तो बन सकता हूँ, बल्कि बच्चे की पैदाइश होने पर बन ही जाता हूँ । लेकिन सही मायने में ‘‘माता-पिता’’ बनने के लिए कुछ खास योग्यताओं की आवश्यकता होती है । स्वामी विवेकानंद ने गहराई से प्रचारित किया कि शिक्षा का मूल विचार पशुता से मानवता औऱ् मानवता से देवत्व तक का मार्ग बनाना है । इसे हम प्रज्ञा का मार्ग कहते हैं । एक अभिभावक और शिक्षक के रूप में, हम इस मार्ग पर पथ प्रदर्शक हैं । क्या हम यह भूमिका निभआने के लिए तैयार हैं ? क्या हम ऐसा करने के लिए स्वयं को सशक्त बना सकते हैं ? हम डिग्री पाकर उच्च शिक्षित तो हो सकते हैं लेकिन यह सब बेकार है, जब तक कि हम इसे अपने कार्यों में लागू न कर सकें और ‘‘आदर्श’’ शिक्षक और माता-पिता बनने का प्रयास न कर सकें । एक बार जब हम अपनी भूमिका निभाने के लिए तैयार हो जाते हैं, तभी हम ‘‘सीखने का माहौल’’ बना सकते हैं जो ‘‘सीखने की प्रक्रिया’’ से पहले होता है । आइए इस महान समाज सेवा के लिए हाथ मिलाएं, साथ साथ आगे बढ़ें । आपके बच्चे आपके नहीं है, वे पूरे समाज के हैं । आज के बच्चे ही हैं जो कल का समाज बनाएंगे । तो अपने बच्चों की औऱ् छात्र की सही परवरिश किसी महान समाजकार्य से कतई कम काम नहीं है ।

# વાંચન વ્યસ્તતા વેકેશનમાં

– **દિનેશ લ. માંકડ,** નિવૃત્ત આચાર્ય
(મો.) ૯૪૨૭૯૬૦૯૭૯

દરેક શાળા માટે આમ તો વર્ષ આખું વ્યસ્ત જ હોય પણ આચાર્ય મિત્રો માટે તો માર્ચ, એપ્રિલ, મે, અને જૂન એટલે પૂરી વ્યસ્તતા. માર્ચમાં નાણાકીય હિસાબોની, બોર્ડ પરીક્ષાની દોડધામ, એપ્રિલ શાળાની પરીક્ષાઓ અને પરિણામ.

વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો તો વેકેશનની કાગના ડોળે રાહ જોતા હોય પણ આચાર્યશ્રી તો વગર વેકેશનીયા. એટલે એમને ભાગે તો પડતર કામનો ઢગલો હોય એ ઓછો કરવાનો હોય, અને સ્વાભાવિક જ છે તે કરવાનો હોય જ.

વર્ગો ન હોય એટલે રોજિંદા કાર્યોથી અલગ આયોજન કરી શકાય. કાર્યાલય પરિવાર સાથે રેકોર્ડની કામગીરીનું આયોજન થાય. શાળાના સમારકામની અને અન્ય રાચરચીલાની ગોઠવણ પણ ચાલે.

મિત્રો, એક ખૂબ કામની વાત અહીં ભુલાઈ જાય છે. મોટે ભાગે વહીવટી કાર્યભારની વચ્ચે આપણામાંનો જ્ઞાન સમૃદ્ધ શિક્ષક ધીરે ધીરે ઓછો થતો જાય છે. અલબત્ત ગમતાં વિષયવસ્તુ પર તો આપણે પૂરો ન્યાય આપતા જ હોઈએ, પણ શું સાચો શિક્ષક કદી આટલું કરી, સંતોષ પામી લે છે ખરો ?

એક હળવેથી પોતાને નાજુક સવાલ પૂછી લઈએ - શાળા પુસ્તકાલયમાં ક્યારે ને કેટલી વાર ગયા ? - મોટા ભાગના ઉત્તર ખૂબ અલ્પ પ્રમાણનો હશે અને સ્વાભાવિક જ છે. નાણાકીય વર્ષના અંતે નવાં પુસ્તકો મંગાવવાની યાદી મોટે ભાગે વાંચન રસિક શિક્ષકો કે પછી થોડે અંશે આપણે બનાવી હોય અને આવે ત્યારે કારકુને તેને ડેડસ્ટૉકમાં ચડાવી દીધા. ગ્રંથપાલની જવાબદારીવાળા પ્રતિનિધિએ તે ગોઠવી પણ દીધા.

પણ મિત્રો હવે આ વેકેશનમાં એ દિશામાં જરા જઈએ તો કેવું ? ગુજરાતી ભાષાની જાણીતી કહેવત - ‘કુવામાં હોય તો અવાડામાં આવે’. આપણી વાંચન સમૃદ્ધિ કેટલી વધી ? આમેય આપણે તો નામ પ્રમાણે ગુણ રાખવા જ પડે. આચરણ કરે તે આચાર્ય કહેવાય.

એટલે તો પોતે વાંચીશું તો જ બીજાને ભાર પૂર્વક વાંચવાનું કહી શકીશું ને ! કેટલીયે વાર આપણને અંદાજ પણ ન આવે એવું જોવા મળે. આપણી વાંચન આદત બારીકાઈ જોનાર કોઈ વિદ્યાર્થીને પ્રેરક બળ બને અને તે આવતીકાલનો પ્રતિષ્ઠિત લેખક કે કવિ બની જાય, અને આવા દાખલાઓ જોવા મળે પણ છે જ... વિક્ટર યુગો કહે છે, "વાચનની ટેવ એ જ્યોત જગાવવાની પ્રક્રિયા છે."

આપણી વેકેશનની વાંચન વ્યસ્તતાના અનેક ફાયદા છે. પહેલી વાત તો પુસ્તકાલયનો તમારા દ્વારા સદુપયોગ થાય. આપના વિષયવસ્તુના સંદર્ભ ગ્રંથની કદાચ આપણને ખબર હોય જ પણ તે સિવાય પણ ભિન્ન વિષયો પર વાંચવાની આપણી જિજ્ઞાસા પુસ્તકાલયમાં જવાથી ચોક્કસ વધે અને હવે તો આ સદી તો જ્ઞાન અને માહિતીની છે. ઘણી વખત તો ગુગલગુરુ, આપણા કરતાં વિદ્યાર્થીને આગળ રાખે છે. એટલે વિશાળ વાંચન આપણી વ્યક્તિગત પ્રતિભાને ઊંચી રાખે છે. ટૂંકમાં, પુસ્તકાલયમાં આપણી ઉપસ્થિતિ જ પુસ્તકો માટે પ્રેરક બને. અન્ય કોઈ કરતાં આચાર્યની વિશાળ નજર કંઈ જુદી જ હોય.

આચાર્યની ફરજના ભાગ રૂપ શિક્ષકમિત્રોના પાઠ નિરીક્ષણ કરવાના હોય છે. એટલે આપણા વિષય ઉપરાંત અન્ય વિષયોનું પ્રાથમિક જ્ઞાન, ઉત્તમ નિરીક્ષણ માટે આશીર્વાદરૂપ બને. આપણી ભૂમિકા 'સર્વ દેશે પાંડિત્ય' જેવી હોય તો ઘણું સારું કહેવાય.

આચાર્યએ પણ કેટલી વાર પ્રિય તાસ એટલે કે પ્રોક્સી તાસમાં જવું પડે. તેવે વખતે ક્યારેક ક્યારેક જાતે વાંચેલ કોઈ પુસ્તકની કે કોઈ મહાન પુરુષના જીવન ચરિત્રની વાત વિદ્યાર્થી સમક્ષ કરાય તો તે પ્રેરક અને રસપ્રદ ચોક્કસ બને...

પ્રત્યેક આચાર્ય એવું ચોક્કસ ઈચ્છે કે પોતાની શાળાના શક્ય તેટલાં પાસામાં તે આગળ રહે. પુસ્તકાલયને સમૃદ્ધ બનાવવું હોય તો આચાર્ય સ્વયંની ઝીણી નજર પુસ્તકાલયના પ્રત્યેક કબાટ પર પડવી જ જોઈએ અને તે વેકેશનમાં થાય તો વધારે યોગ્ય જ થાય. વોલ્ટ ડિઝની તો કહે છે, 'પુસ્તકોમાં પડેલો ખજાનો એ વિશ્વના કોઈપણ ટાપુ પરથી મળેલાં મોતીઓના ખજાના કરતાં પણ વધારે છે.'

મિત્રો બારે માસ વહીવટ વચ્ચે ગૂંચવાયેલા મોટાભાગના આચાર્યમિત્રો શાળા સમયમાં સ્વભાવગત પણ થોડા અતડા બની જાય. તેવે વખતે પુસ્તક તેમનો સાચો મિત્ર બની શકે.

પુસ્તકની મિત્રતા વિશે સ્વામી વિવેકાનંદે ખૂબ સારી વાત કરી છે, 'પુસ્તક જેવો કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી. અન્ય મિત્રોને તેની ટેવ સાથે સ્વીકારવા પડે પણ પુસ્તક કોઈ આદત નથી ધરાવતા. અન્ય મિત્ર એમના સમયે આપણી સાથે જોડાય જ્યારે પુસ્તકને આપણે ઈચ્છીએ ત્યારે આપણી સાથે રાખી શકીએ.' આચાર્યની ખાસ કરીને વેકેશનની સુંદર સવાર પડતર કાર્યોની વચ્ચે પણ પુસ્તકમિત્ર સાથે પસાર થાય તો કદાચ કામ કર્યાનો થાક પણ ઘટે.

વાંચન શોખ ઘણા ખરા મિત્રોને હોય જ. ન હોય તો કેળવવા જેવો છે. ઘણા સમય અગાઉ ગુજરાત રાજ્ય દ્વારા 'વાંચે ગુજરાત' પ્રયોગ વિકસાવવામાં આવ્યો હતો. એ પ્રયોગથી અનેક શિક્ષક અને વિદ્યાર્થીઓમાં કાયમી રીતે વાચનની ખૂબ ટેવ પડી. તેની જીવન પ્રક્રિયાનો ભાગ બની. જેમને પણ આ શોખ છે તેને માટે તો રોજબરોજ અનેકવિધ સાહિત્ય ઉપલબ્ધ છે.

અગાઉના સમયમાં કાવ્ય, નવલકથા, નવલિકા, વિવેચન, નિબંધ, ઈતિહાસ જેવા જ વિષયો ઉપલબ્ધ હતા. હવે વર્તમાન સમય બદલાયો છે. કારકિર્દી, જીવન વિકાસ સાહસિકતા, યોગ અને આરોગ્ય જેવા અનેક અનેક વિષયો ઉમેરાતા જાય છે. આચાર્ય મિત્રો આવા નવા આયામોથી સામાન્ય પણ સુપરિચિત હશે તો અનેક માટે તે પ્રેરક બની શકે. આવાં પુસ્તકો શાળા પુસ્તકાલયમાં વસાવવા પણ વિચારી શકાય.

સામાન્ય રીતે મોટાભાગના આચાર્ય મિત્રો વેકેશનમાં પડતર કાર્યોને પૂર્ણ કરવાની મથામણમાં જ હોય એની વચ્ચે વાંચન અને શાળા પુસ્તકાલયની મુલાકાત હળવાશ વધારે - ક્ષમતા વધારે. નીરસતા ઘટાડે અને સરવાળે વેકેશન પ્રફુલ્લતા વચ્ચે પસાર થાય અને આખરે તો જ્ઞાન સમૃદ્ધ થવાય એ તો ખરું જ... તત્ત્વ ચિંતક પાવેઝનું ગમતું વિધાન યાદ આવે, "સૌથી ઉત્તમ કાર્ય એટલે ગમતું કામ આરંભ કરવાનો આનંદ."

અસ્તુ.

★ ★ ★

# નવા વર્ષે નવા આયામ

– **દિનેશ લ. માંકડ,** નિવૃત્ત આચાર્ય
(મો.) ૯૪૨૭૯૬૦૯૭૯

કવિવર ટાગોરની જાણીતી પંક્તિઓ યાદ આવે છે - ''ઢળતા સૂર્યએ સાદ પાડ્યો - 'કોણ લેશે મારું કામ ?' ખૂણે બેઠેલું માટી કોડિયું બોલ્યું, ''થશે મારાથી એટલું કરીશ અજવાળું, પ્રભુ.'' વસતીમાં વિશ્વનો બીજા નંબરનો ૧૩૫ કરોડનું માનવધન ધરાવતો ભારત દેશ. સેંકડો વર્ષની ગુલામીમાંથી બહાર આવેલું રાષ્ટ્ર. આકાશ પર નિર્ભર કૃષિ અને અનરિયાળ ગ્રામ્યજીવન જેનું હાર્દ છે તેવો મહાકાય પ્રદેશ. એ દેશની શિક્ષણ વ્યવસ્થા વિકસાવવી એ સૌથી પડકારરૂપ કાર્ય ગણાય. એમાંય શિક્ષણના પાયામાં કુઠરાઘાત કરનાર લોર્ડ મેકોલેની ઘર કરી ગયેલી માનસિકતાવાળો સમાજ.

પણ સાથે સાથે એ પણ ચોક્કસ યાદ રાખવું પડે કે આ ભૂમિ જ એક સમયે વિશ્વગુરુ હતી. જેના પર સાંદિપની અને વિશ્વામિત્ર જેવા અનેકના પ્રાચીન ભવ્યગુરુકુળની ગાથાઓ સુવર્ણપૃષ્ઠો પર અંકિત છે. આ ભૂમિ ચાણક્ય - ચંદ્રગુપ્તની છે. દ્રોણ અને અર્જુનની છે. જેણે સમગ્ર દુનિયાને ભરતભૂમિની ઓળખ કરાવી તે સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ જેવા અનેક મહાન વિચારકોની આ ધરતી છે, અને એટલે જ શ્રદ્ધાનો દિપક હાથમાં લઈ નિશ્ચિત દિશામાં કશુંક થાય તો આવતીકાલ ચોક્કસ ઉજળી જ હોય.

વિશાળ દેશના અંદાજપત્રમાં શિક્ષણ માટે ઓછી રકમ ફાળવાય અને બીજી તરફગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ માટેની સહજ રુચિનો અભાવ. પરિણામે શિક્ષણ ગુણવત્તા અને બીજી અનેક મર્યાદાઓમાંથી પસાર થાય છે. ખાસ કરીને સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તો એક તરફ શિક્ષકની ઘટ, અલ્પ સંસાધન તો બીજી બાજુ આવેલા અલ્પ અભિરુચિવાળા વિદ્યાર્થીઓ. પરિણામ સ્વરૂપ શિક્ષણને સરકાર બધુંય વગોવાય. 'શું', 'શા માટે' ને 'કેમ સુધરે'ની ચર્ચા કે ટીકા કરવા કરતાં નક્કર અને અમલ થઈ શકે એવા ઉપાયો વિચારવાની દિશામાં જ જવાય એ જ સાચો રસ્તો છે.

**નિવૃત્તનો નિજાનંદ :**

સમાજમાં શિક્ષક અને આચાર્ય, એક એવો વર્ગ છે જે નિવૃત્તિ પછી પણ સમાજને ઘણું આપી શકે. દેશ-રાજ્યમાં દર વર્ષે ખૂબ મોટી સંખ્યામાં શિક્ષકો અને આચાર્યો નિવૃત્ત થાય

છે. આવા સ્વૈચ્છિક નિષ્ઠાવાળા મિત્રોને ચોક્સ મિશનમાં જોડી શકાય. અનુભવી અને નીવડેલા શિક્ષક મિત્રો પોતાના રુચિવાળા વિષય એકમ લઈ શાળાઓમાં જાય, પોતાના વિદ્યાધનનું મન મૂકીને વિતરણ કરે તો ? ૫૮ વર્ષની વય વીતે ને નિવૃત્ત થાય. તંદુરસ્ત હોય તે એક વ્યક્તિ આશરે દર વર્ષે પાંચસો કલાક આપે અને દસેક વર્ષ સેવા આપે તો પાંચ હજાર કલાકનું ખૂબ અમૂલ્ય ભાથું સમાજમાં વિશેષ મળે. આવા લાખો શિક્ષક જોડાય તો આ આંકડો ક્યાં પહોંચે ? એ જ રીતે નિવૃત્ત આચાર્યને સરકારી તંત્ર આયોજન કરીને આખી શાળા દત્તક આપે તો એ આચાર્ય મિત્ર પોતાના વહીવટી સૂઝ અને વ્યવસ્થાતંત્રના પાઠ વડે કોઈ પણ શાળાને ચોક્કસ ઊંચાઈએ લાવી શકે.

**ઝીરો તાસ :**

ગ્રામ્ય વિસ્તારની ઘણીખરી શાળાઓને સામાન્ય રીતે આવનાર બાળકોની શિક્ષણ સ્વીકાર ક્ષમતા ઓછી અને ધીમી હોવાની સમસ્યા છે. વર્ગના વીસેક ટકા બાળકો તેજસ્વી હોય તેમ બીજા ત્રીસેક ટકા કે વધારે બાળકોની ગ્રહણ શક્તિ ઓછી હોય. બીજી તરફ સમયસર અભ્યાસક્રમ પૂર્ણ કરવાની આવશ્યકતા હોય. 'ઝીરો તાસ' એનો શ્રેષ્ઠ ઉકેલ છે. ઓછી ગ્રહણશક્તિવાળાને અલગથી બોલાવીએ તેમની કચાશ દૂર કરી શકાય અને નિયમિત વર્ગની ગતિ સાથે જોડી શકાય. કેટલીકવાર તો ગ્રામ્ય વિસ્તાર કે શહેરના પછાત વિસ્તારની માધ્યમિક શાળામાં પ્રવેશ લેનાર મોટાભાગના બાળકો ગણિત કે ભાષાનું પાયાનું જ્ઞાન પણ નથી હોતું. એવા સમયે તો નવા પ્રવેશ લેનારાના માટે, સમગ્ર શાળાના સમયપત્રકમાં જ 'ઝીરો તાસ' મૂકીને શાળાની ગુણવત્તામાં મોટો ફેરફાર કરી શકાય.

**વિદ્યાર્થી દત્તક યોજના :**

કેટલીક શાળાઓ એવી હોય છે જેનું પર્યાવરણ જ શુષ્ક હોય. શાળા પરિણામ સુધારી જ ન શકતી હોય, પણ એમાંય નિષ્ઠાવાન શિક્ષક તો શાળાનું હીત ઇચ્છતા હોય. અહીં 'વિદ્યાર્થી દત્તક યોજના' ચોક્કસ અસરકારક સાબિત થાય. આ પ્રયોગ આખી શાળા માટે પણ યોજી શકાય, પણ નક્કર પરિણામ માટે ધોરણ દસ કે ધોરણ બાર માટે પ્રયોજવો હિતાવ છે. ઇચ્છુક દરેક શિક્ષકમિત્રને ધોરણ ૧૦/૧૨ના આશરે બેથી પાંચ વિદ્યાર્થી દત્તક આપવા. શિક્ષક તેના પૂરા પરિવારની વિસ્તૃત વિગત મેળવે, મુલાકાત પણ લે. વિદ્યાર્થીની અભ્યાસ પ્રગતિનો રેકોર્ડ પણ રાખે અને પોતાનાથી સુધારી શકાય તેવી તેની અભ્યાસકીય ક્ષતિઓને સુધારવાનો સંનિષ્ઠ પ્રયાસ પણ કરે. અહીં વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે અને શિક્ષક-શિક્ષક વચ્ચેની

પૂરકતા પણ વધારે પૂરક બને, અને તેથી શાળાકીય વાતાવરણ પણ થોડું વધારે તંદુરસ્ત બને.

**પૂર્વ વિદ્યાર્થી મંડળ :**

પ્રત્યેક શાળા પાસે તેનો અનોખો ઈતિહાસ હોય છે. કેટલાય વિદ્યાર્થીઓ આર્થિક કે સામાજિક રીતે ખૂબ ઊંચે પહોંચેલા હોય. દૂર દૂર સ્થાયી થયેલા આવા વિદ્યાર્થીઓ કેટલીક વાર પરસ્પર સંપર્ક વિહીન હોય. શાળા જો તેમને એકઠા કરવાનું પ્રયોજે તો ચોક્કસ તેઓ પોતાની માતૃસંસ્થાનું ઋણ અદા કરવા સદા તૈયાર જ હોય. ખાસ કરીને શાળાના ખૂટતા સંસાધન વગેરે ભૌતિક ત્રુટીઓ દૂર કરવામાં આ પ્રયોગ ખૂબ સફળ થાય.

**સમાજ યોગદાન :**

શાળા વિકાસ સમિતિ - ગ્રામ્ય વિસ્તારમાં (અમુક અંશે શહેરી વિસ્તારોમાં પણ) તેનું અલમીકરણ શક્ય છે. આ વાત કોઈ આચાર્ય કે શિક્ષકમિત્રએ એક વાર ઉપાડવી પડે. કોઈ તાલુકા કે જિલ્લા અધિકારી પણ જો સાચા અર્થમાં ઉત્સાહી હોય તો આ શક્ય બને. ગ્રામ્ય હિત જોનાર કોઈ સ્વૈચ્છિક સંસ્થા (NGO) પણ આવી સેવા કરતી હોય છે. આવી સાચી સેવાભાવી સંસ્થા મળી જાય તો તે સાકારિત થઈ શકે. સદ્વિચાર પરિવારના સહયોગથી, VSSM (વિચારતા સમુદાય સમર્થન મંચ) સ્થાપીને મિત્તલબેન પટેલ તો તવેથા તાવી બનાવતા કારીગરોથી માંડીને અનેક વિચરતી જાતીના બાળકોને શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય કરે છે. અમદાવાદના દીપકભાઈ અને મંજરીબેન બુચ તો દસથી વધારે વર્ષથી “દાદા દાદીની વિદ્યાપરબ” ખોલીને ઝૂંપડપટ્ટીના અનેક બાળકોના દિશાદર્શક બન્યાં છે. સેવાભારતી મણિનગર, અમદાવાદ પણ ‘ગુરુજી જ્ઞાન મંદિર’ના પ્રકલ્પથી ‘સેવા વસતી’ના બાળકોના શિક્ષણ સ્તરને ઊંચું લાવવા વર્ષોથી સંનિષ્ઠ છે. આવી અનેક સંસ્થાઓ મુકભાવે કાર્યરત હોવાની જ. જે તે ગામમાંથી જ સંપૂર્ણ બિનરાજકીય અને સાચા અર્થમાં શિક્ષણ અને ગામની નવી પેઢી માટે સાચું હિત ધરાવતી હોય તેવી અને એમાંય થોડી વધારે શિક્ષિત હોય તેવી વ્યક્તિઓ દ્વારા ‘શાળા વિકાસ સમિતિ’ ની રચના શાળા અને શિક્ષણ સુધારવામાં ચોક્કસ સહાયરૂપ થાય.

**ટંકાર ટેકનોલોજીનો :**

દુનિયા હવે વિમાન ગતિ નહિ પણ રોકેટ ગતિએ દોડે છે. શાળામાં કેટલીય વાર તો સેંકડો વિદ્યાર્થીઓ જ્ઞાન માહિતીમાં શિક્ષકો કરતાં આગળ હોય છે. એવા સમયે માત્ર

પાઠ્યપુસ્તકની બીબાઢાળ પદ્ધતિથી બહાર નીકળવું પડશે. ઉપલબ્ધ આધુનિક નવાશિક્ષણ આયામો સાથે જોડાવું પડશે. શિક્ષક અને ખાસ તો આચાર્ય કે સરકારી તંત્ર આગ્રહ રાખે તો જ થઈ શકે તેવું છતાં અનિવાર્ય આવશ્યક છે. ગુગલને અદનો ગુરુ બનાવવો જ પડશે. Wikipedia જેવી માહિતીપ્રધાન વેબસાઈટ કે The Dr BinocsShow જેવા જ્ઞાનવર્ધક કાર્યક્રમો કે epic, History, Discovery જેવી ચેનલ્સ માટે શિક્ષકે પરિચિત થવું પડશે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જ પડશે. એના સીધા બે ફાયદા છે. વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિ વિકસશે. સાથે સાથે ઘણાખરા વિષયમાં શિક્ષકનો કાર્યબોજ ઘટશે. શૈક્ષણિક સ્તર ઊંચું આવશે તે નફામાં. સ્વયં 'શીખવા'ની (Learning) પ્રક્રિયાની ટેવ પણ વિકસશે. હવે વિદ્યાર્થીને મોબાઈલ કે ટેલિવિઝનથી દૂર રાખવાની માનસિકતા છોડીને તેને સવળે માર્ગે લઈ જવાનું અભિયાન છેડવું જ પડશે.

**સ્પર્ધાત્મક વલણ :**

ઘણા સમય પહેલાં શાળામાં 'વિદ્યાર્થી દૈનિક પ્રગતિ પત્રક' ચાલતાં. અભ્યાસક્રમ ઝડપી પૂરો કરવામાં ને બીજા પ્રયોગોમાં આ જૂની પદ્ધતિ વિસરાઈ ગઈ છે. વર્ગના દરેક વિદ્યાર્થીઓના દરેક વિષયના વર્ગકાર્ય, ગૃહકાર્ય, મુખપાઠ વગેરેના ગુણ રોજેરોજ મુકાય. પ્રાર્થના, નિયમિતતા, સ્વચ્છતા, ગણવેશ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ જેવા અનેક વિશેષ ગુણ પણ ઉમેરાય. દરરોજનો સરવાળો થાય. અઠવાડિયાને અંતે કુલ સરવાળો થાય અને રેન્ક ચડે. મહિનો થાય એટલે માસિક રેન્ક પડે. એકથી વધુ વર્ગ હોય ત્યાં બધા વર્ગની સામૂહિક રેન્ક. અહીં મુખ્ય હેતુ વિદ્યાર્થીમાં સ્પર્ધાત્મક વલણ વિકસાવવાનો છે. સ્પર્ધા એ એવી માનસિક અવસ્થા છે જેમાં વિદ્યાર્થી પોતાની જ ત્રુટિઓ શોધવા પ્રેરાય અને તેને પૂર્ણ કરવાની દિશામાં સક્રિય થાય. સતત થતી આ પ્રક્રિયાથી વ્યક્તિગત અને શાળાને ચોક્કસ પરિણામ મળે જ.

મોગલ બાદશાહ અકબર અને બિરબલના નામે ચડેલો એક પ્રસંગ યાદ આવે છે. 'રાજ્યમાં પ્રામાણિક લોકો કેટલા ?' તે ચકાસવા રાત્રિ દરમિયાન હોજમાં દૂધનો કળશ ઠાલવી જવા ફરમાન થયું. સહુ નગરજનોએ વિચાર્યું કે 'બીજા બધા દૂધ નાખશે તો મારા પાણીના એક લોટાથી શો ફરક પડશે ?' એમ વિચારીને બધાએ પાણીનો લોટો નાખ્યો ! બીજે દિવસે આખો હોજ પાણીથી ભરેલો હતો. પણ હવે જ્યાં, જે દેશમાં રજેરજમાં રાષ્ટ્રવાદ ગુંજે છે તે આ હિન્દ રાષ્ટ્રનો પ્રત્યેગક નાગરિક ઉપરના પ્રસંગથી અવળું વિચારશે.

'બીજા જે કરે તે, મારો દૂધનો લોટો હું નાખી આવું.' અને શિક્ષણનો અમૃતકળશ દૂધથી છલોછલ ભરાઈ જ જશે. જે આવતીકાલના ભવ્ય ભારતનું નિર્ણય કરશે. સેતુબંધમાં રામનું ખિસકોલી કાર્ય કરશે.

નવી શિક્ષણનીતિના અમલીકરણ સંદર્ભે દીર્ઘદષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, "કેટલાક લોકોના મનમાં આવા સવાલ ઊઠવા સ્વાભાવિક છે કે આટલા મોટા ફેરફાર કાગળ પર તો કરી દીધા પણ એને જમીન પર કેવી રીતે ઉતારી શકાશે ? એટલે કે કેવી રીતે વાસ્તવિક બનાવી શકાશે ? માટે જ હવે બધાની નજર તેના અમીલકરણ પર છે. આવા પડકારોને પહોંચી વળવા, વ્યવસ્થાઓ કરવામાં જ્યાં, જેવી રીતે અને જેટલા પ્રમાણમાં ફેરફારની આવશ્યકતાઓ છે તે આપણે બધાએ મળીને કરવાની છે, અને કરવો જ છે. હું પૂરેપૂરી રીતે વચનબદ્ધ છું, પૂર્ણ રીતે તમારી સાથે છું."

દરેક દેશ પોતાની શિક્ષણપદ્ધતિને પોતાના રાષ્ટ્રીય મૂલ્યોની સાથે જોડીને, તેમાં બદલાવ કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. ભારતીય શિક્ષણને તદ્દન નવી દિશામાં લઈ જનાર નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ દ્વાર પર ઊભી છે. ત્યારે 'હું શું કરી શકું ?'નો નાગરિક ધર્મ ચોક્કસપણે ઝનૂની જ બનવો જોઈએ અને બનશે જ. અસ્તુ.

## જીવનની સાચી સફળતા

**મન ભરીને હસવું અને હસવું વારંવાર...**
**જીતવો બુદ્ધિવાનોનો આદર અને બાળકોનો પ્રેમ અપાર.**
**નિખાલસ વિવેચકોની પ્રશંસા મેળવવી...**
**અને દગાબાજ મિત્રોનો દ્રોહ પચાવવો.**

સુંદરતાની કદર કરવી. કોઈ સ્વસ્થ બાળ કે લીલા બાગ કે કોઈક સામાજિક સુધારો કરી દુનિયાને થોડીક પણ બહેતર બનાવી અલવિદા કહેવું.

તમારા જીવન થકી કોઈક એકાદ જીવનને પણ જીવવા યોગ્ય બનાવી શકાયું હોય...

આ બધામાં જ રહેલી છે જીવનની સાચી સફળતા.

**– રાલ્ફ વાલ્ડો ઈમર્સન**

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં
અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે
**"નમો લક્ષ્મી યોજના"**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ED/CEF/e-file/3/2023/5297/CHH**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૧૨/૦૩/૨૦૨૪**

**પ્રસ્તાવના:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓના ૧૦૦% નામાંકન અને સ્થાયીકરણ માટે અને તેમાં પણ કન્યા કેળવણીની દિશામાં રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી થયેલ છે, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં કન્યાઓ વધુ પ્રમાણમાં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સાથે કિશોરવયની કન્યાઓના પોષણ અને આરોગ્યને વધુ સુદ્રઢ બનાવવાની જરૂરીયાત જણાયેલ છે. જેથી કિશોરવયની વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથોસાથ પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તીકરણ થાય તે હેતુથી તેઓને આર્થિક સહાય આપવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

**ઠરાવ:**

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આર્થિક સહાય આપવાની યોજના નીચેની શરતોને આધીન અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

૧. **યોજનાનું નામ :**

આ યોજનાનું નામ **"નમો લક્ષ્મી યોજના"** રહેશે.

૨. **લાભાર્થીની પાત્રતા:**

- રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને નીચે મુજબની પાત્રતાને આધીન આ સહાય મળવાપાત્ર રહેશે.

a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ હોય, અથવા
b) રાજ્યની માન્ય ખાનગી પ્રાથમિક શાળામાં RTE અંતર્ગત પ્રવેશ મેળવી ધોરણ ૧ થી ૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ હોય, અથવા
c) ઉપર (a) અને (b) સિવાયની જે વિદ્યાર્થિનીઓએ ધોરણ-૮ પૂર્ણ કર્યા બાદ ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખ કે તેથી ઓછી હોય.

૩. <u>મળવાપાત્ર સહાય:</u>

- આ યોજના હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ પૂર્ણ કર્યેથી પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થિનીને કુલ રૂ. ૫૦,૦૦૦/- સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે.
  a) ધોરણ ૯ અને ૧૦ના મળી કુલ રૂ. ૨૦,૦૦૦/- સહાય ચૂકવવામાં આવશે. આ સહાય પૈકી ૯ અને ૧૦ ધોરણમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૫૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૫,૦૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૧૦,૦૦૦/-ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૦,૦૦૦/- ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.
  b) ધોરણ ૧૧ અને ૧૨ના મળી કુલ રૂ. ૩૦,૦૦૦/- સહાય ચૂકવવામાં આવશે. આ સહાય પૈકી ૧૧ અને ૧૨ ધોરણમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૭૫૦/- મુજબ વાર્ષિક રૂ. ૭,૫૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૧૫,૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૫,૦૦૦/- ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.

૪. <u>સહાયની રકમની ચુકવણીની પ્રક્રિયા:</u>

1. આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.
2. નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સહાય યોજનાના સુચારુ સંચાલન માટે એક અલગ "**નમો લક્ષ્મી**" પોર્ટલ બનાવવાનું રહેશે.
3. આ યોજના હેઠળ આર્થિક સહાયની ચુકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા ડાઇરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)થી વિદ્યાર્થિનીની માતાના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવશે. જે કિસ્સામાં વિદ્યાર્થિનીની માતા હયાત ન હોય, તે કિસ્સામાં રકમ વિદ્યાર્થિનીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.
4. શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી રાજ્યની શાળાઓએ તેઓની શાળામાં ધોરણ ૯ થી ૧૨માં દાખલ થયેલ વિદ્યાર્થિનીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) પોર્ટલમાં કરવાની રહેશે.

5. નિયામકશ્રી, શાળાઓ દ્વારા CTS પોર્ટલ પર શાળાઓએ કરેલ વિદ્યાર્થિનીઓની નોંધણી અને પાત્રતા અંગેની ખરાઈ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફત કરાવવાની રહેશે અને ત્યાર બાદ પાત્રતા ધરાવનાર વિદ્યાર્થિનીઓની યાદી નમો લક્ષ્મી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
6. પાત્રતા ધરાવનાર વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક સત્ર શરૂ થયાથી ચકાસણી પૂરી કરી શક્ય હોય ત્યાં સુધી જૂન માસની સહાયની રકમ સંબંધિત બેન્ક ખાતામાં જૂન માસમાં જ જમા કરાવવાની રહેશે અન્યથા મોડામાં મોડા જુલાઇ માસમાં જૂન, જુલાઇની સહાયની રકમ એક જ સાથે સંબંધિત બેન્ક ખાતામાં જમા કરાવવાની રહેશે.
7. ત્યાર બાદ શૈક્ષણિક વર્ષ દરમિયાન બાકીના મહિનાઓની સહાયની રકમ જે તે મહિનાની ૧૦ તારીખ સુધી સંબંધિત વિદ્યાર્થિનીની માતા અથવા વિદ્યાર્થિનીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.
8. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ-૮ થી ૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ- ૯ થી ૧૨માં પ્રવેશ મેળવે, તો તેઓને પણ આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે. તે માટે આ વિદ્યાર્થિનીઓનું પાત્રતાનું ધોરણ પારા-૨માં જણાવ્યા પ્રમાણે જ રહેશે.
9. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા જયાં જરૂર જણાય ત્યાં વિદ્યાર્થિનીઓની હાજરી અંગેની સ્થળ તપાસ અચાનક શાળાને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના કરવામાં આવશે. જે દરમ્યાન જે વિદ્યાર્થિનીઓની હાજરી અગાઉના મહિનાઓમાં સરેરાશ ૮૦% નહી જળવાતી હોય તેવા વિદ્યાર્થિનીઓની સહાય બંધ કરી દેવામાં આવશે.
10. કોઈ પણ કારણસર જો કોઈ વિદ્યાર્થિની અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કિસ્સાઓમાં આગળની સહાયની રકમ મળવાપાત્ર રહેશે નહીં તથા વિદ્યાર્થિનીને ચૂકવાયેલ સહાયની રકમ પરત લેવાની રહેશે નહીં.
11. રિપીટર વિદ્યાર્થિનીના કિસ્સામાં જે તે ધોરણની સહાય એક કરતાં વધુ વખત ચૂકવવામાં આવશે નહીં. જો વિદ્યાર્થિની આગળનો અભ્યાસ ચાલુ રાખે તો આગળના ધોરણમાં નિયમાનુસાર સહાય મળવાપાત્ર રહેશે. વર્ષ ૨૦૨૪-૨૫ની રિપીટર વિદ્યાર્થિનીઓને ધોરણ-૮નો અભ્યાસ જે પ્રકારની શાળામાં કર્યો હોય તે મુજબની પાત્રતાના આધારે આ સહાય મળવાપાત્ર રહેશે.
12. બોર્ડ  પરીક્ષા ઉત્તીર્ણ કર્યેથી મળવાપાત્ર સહાય જ્યારે પણ બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તે પછી મળવાપાત્ર રહેશે, જે કિસ્સાઓમાં વિદ્યાર્થીની એકથી વધારે પ્રયત્ને બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તેવા કિસ્સામાં બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે ત્યારે સહાય મળવાપાત્ર રહેશે.
13. વિદ્યાર્થીને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

૬. <u>અન્ય બાબતો:</u>

- આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, શાળાઓ નિર્ણય કરી શકશે અને જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.
- આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખાક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હિતેશ ગોહિલ)**
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**

---

- કુશની ટોચે રહેલા ઝાકળ બીન્દુની જેમ માનવ જીવન ક્ષણભંગુર છે. તેથી હે ગૌતમ, ક્ષણ માટે પ્રમાદ ન કર. — ભગવાન મહાવીર
- હિમાલય જેટલા સોના, ચાંદીના ઢગલા પાસે હોય તો પણ તૃષ્ણા સંતોષાતી નથી, કારણ તૃષ્ણા આકાશ જેવી અનંત છે. — ભગવાન મહાવીર
- સંયમીને વનવાસની શી જરૂર છે ? અને અસંયમીને વનવાસથી શો લાભ ? સંયમી ગમે ત્યાં રહે તેના માટે તો તે જ વન છે અને તે જ આશ્રમ છે. — ભાગવત
- મૌન ઉત્તમ ભાષણ છે. જો તમારે બોલવું પડે તો ઓછામાં ઓછા શબ્દો ઉચ્ચારો. જ્યાં એક શબ્દથી કામ ચાલે ત્યાં બે ન બોલો. — મહાત્મા ગાંધી
- આપણે કીડા-મકોડા પેટે ચાલનારી જીવાતને મારી નાખીએ છીએ, પણ પોતાનામાં છુપાયેલા ક્રોધને મારતા નથી, જે ખરે જ મારવાની વસ્તુ છે. — ગાંધીજી
- કામાતુર માણશ જીવ અને જડનો ભેદ કરી ન શકે. — કાલીદાસ
- ક્રોધમાં માણસનું મોઢું ઉઘાડુ રહે અને આંખો બંધ રહે છે. — કૈટો
- જે ઘરમાં પ્રેમ નથી તે સ્મશાન છે. — કબીર
- મને તો એકપણ માણસ એવો નથી લાગતો કે જે પોતાનો દોષ પોતે જોઈ શકે અને પોતાને દોષિત માને. — કોન્ફ્યુશિયસ
- દોષ બતાવનારા પ્રત્યે ઘણાં લોકો નારાજ થાય છે. તેમણે નારાજ તો બતાવેલા દોષ તરફ જવું જોઈએ. — બૈનિંગ

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે **"નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના"**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/5073/CHH**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૧૨/૦૩/૨૦૨૪**

<u>પ્રસ્તાવના:</u>

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને સુદ્રઢ કરવા અનેક નવી પહેલ હાથ ધરવામાં આવેલ છે. એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જીવનનાં દરેક ક્ષેત્રે તેમજ રોજગારીની બાબતોમાં વિજ્ઞાનલક્ષી શિક્ષણની જરૂરીયાત વધી રહેલ છે. ગુજરાતમાં અનેક ભવિષ્યલક્ષી ઔદ્યોગિક ક્ષેત્રોમાં રોકાણ થઇ રહ્યુ છે. એડવાન્સ મેન્યુફેક્ચરીંગ, ડીજીટલ ટેક્નોલોજી, બાયો ટેક્નોલોજી, ગ્રીન એનર્જી, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરીંગ, સેમી કન્ડક્ટર જેવી ન્યુ એજ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ઔદ્યોગિકરણ થઇ રહ્યું છે. જેથી રાજ્યમાં વિજ્ઞાનપ્રવાહનું શિક્ષણ મેળવેલ અને તકનીકી કૌશલ્યો ધરાવનાર યુવાધન માટે વિપુલ તકોનું નિર્માણ થનાર છે. આમ, વિજ્ઞાન પ્રવાહના અભ્યાસની અગત્યતાને ધ્યાને રાખીને વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાના અંતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહ લેનાર વિદ્યાર્થીઓને સહાય આપવા માટેની યોજના નીચેની શરતોને આધીન અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. <u>યોજનાનું નામ:</u>

આ યોજનાનું નામ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે "**નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના**" રહેશે.

૨. <u>લાભાર્થીની પાત્રતા:</u>

જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર રહેશે.

a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કર્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ, અથવા

b) માન્ય સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦ પૈકી બંને કે કોઈ એક ધોરણનો અભ્યાસ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ.

૩. <u>મળવાપાત્ર સહાય:</u>

1. આ યોજના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨ના મળી કુલ રૂ. ૨૫,૦૦૦/- સહાય ચૂકવવામાં આવશે.
2. ધોરણ ૧૧ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- અને ધોરણ ૧૨ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/- મળવાપાત્ર રહેશે.
3. ધોરણ ૧૧ અને ૧૨ના શૈક્ષણિક વર્ષો દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૧૦૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૨૦,૦૦૦/-ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૫,૦૦૦/- ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.

૪. <u>સહાયની રકમની ચુકવણીની પ્રક્રિયા</u>

1. આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.

2. નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સહાય યોજનાના સુચારુ સંચાલન માટે એક અલગ "**નમો સરસ્વતી**" પોર્ટલ બનાવવાનું રહેશે.
3. આ યોજના હેઠળ સહાયની ચુકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા ડાઇરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)થી વિદ્યાર્થીની માતાના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવશે. જે કિસ્સામાં વિદ્યાર્થીની માતા હયાત ન હોય, તે કિસ્સામાં રકમ સીધા વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.
4. શાળાઓએ તેઓની શાળામાં દાખલ થયેલ ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) પોર્ટલમાં કરવાની રહેશે.
5. નિયામકશ્રી, શાળાઓ દ્વારા CTS પોર્ટલ પર શાળાઓએ કરેલ વિદ્યાર્થીઓની નોંધણી અને પાત્રતા અંગેની ખરાઈ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફત કરાવવાની રહેશે અને ત્યારબાદ પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓની યાદી નમો સરસ્વતી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
6. પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્ર શરૂ થયાથી ચકાસણી પૂરી કરી શક્ય હોય ત્યાં સુધી જૂન માસની સહાયની રકમ સંબંધિત બેન્ક ખાતામાં જૂન માસમાં જ જમા કરાવવાની રહેશે અન્યથા મોડામાં મોડા જુલાઇ માસમાં જૂન, જુલાઇની સહાયની રકમ એક જ સાથે સંબંધિત બેન્ક ખાતામાં જમા કરાવવાની રહેશે.
7. ત્યાર બાદ શૈક્ષણિક વર્ષ દરમિયાન બાકીના મહિનાઓની સહાયની રકમ જે તે મહિનાની ૧૦ તારીખ સુધી સંબંધિત વિદ્યાર્થીની માતા અથવા વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.
8. આ યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓની વિદ્યા સમીક્ષા કેન્દ્રના ઓનલાઈન એટેન્ડન્સ પોર્ટલ ઉપર નિયમિત રીતે હાજરી ભરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.
9. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા જયાં જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓની હાજરી અંગેની સ્થળ તપાસ અચાનક શાળાને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના કરવામાં આવશે. જે દરમ્યાન જે વિદ્યાર્થીઓની હાજરી અગાઉના મહિનાઓમાં સરેરાશ ૮૦% નહી જળવાતી હોય તેવા વિદ્યાર્થીઓની સહાય બંધ કરી દેવામાં આવશે.
10. કોઈપણ કારણસર જો કોઈ વિદ્યાર્થી અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કિસ્સાઓમાં બાકીની સહાયની રકમ મળવાપાત્ર રહેશે નહીં તથા વિદ્યાર્થીને ચૂકવાયેલ સહાયની રકમ પરત લેવાની રહેશે નહીં.

11. રિપીટર વિદ્યાર્થીના કિસ્સામાં જે તે ધોરણની સહાય એક કરતાં વધુ વખત ચૂકવવામાં આવશે નહીં. જો વિદ્યાર્થી આગળનો અભ્યાસ ચાલુ રાખે તો આગળના ધોરણમાં નિયમાનુસાર સહાય મળવાપાત્ર રહેશે. વર્ષ ૨૦૨૪-૨૫ના રિપીટર વિદ્યાર્થીઓને પાત્રતાના આધારે જે તે ધોરણની સહાય મળવાપાત્ર રહેશે.
12. બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કર્યેથી મળવાપાત્ર સહાય જ્યારે પણ બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તે પછી મળવાપાત્ર રહેશે, જે કિસ્સાઓમાં વિદ્યાર્થી એકથી વધારે પ્રયત્ને બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તેવા કિસ્સામાં બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે ત્યારે સહાય મળવાપાત્ર રહેશે.
13. વિદ્યાર્થીને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

૬. <u>અન્ય બાબતો :</u>

- આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, શાળાઓ નિર્ણય કરી શકશે અને જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.
- આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હિતેશ ગોહિલ)**
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**


GOYO
TECHNOLOGY MAKE LIFE EASY
Goyo Welcomes You
A Complete School Management System
Parents App | Teacher's App
Transport
Smart School
1) Student Admission
2) Student Details
3) Attendance
4) Exam Schedule
5) Leave Management
6) Home work | Assignment
7) Holiday
8) Teacher Remark
9) Fee collection
10) Lunch Menu
11) Notification
12) Announcement
13) Report Cards
14) Certificates
15) Gallery
1) Live Tracking
2) Route Alert
3)Various Reports
4) Speed Alert
5) Stop Report
6) Travel Summary
7) Mileage Report
8) App | Software Hardware
GPS
RFID
CCTV IN BUS
Employee tracker
Smart Rollover
Library
Event
Activities
24 x 7 Support
We help you to fully computerize your school management system
SCHOOL BUS
Call Us:
+91 9081 222 121 | +91 9081 222 131
Download GOYO App
App Store
GET IT ON
Google Play

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

## School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

અમારા અન્ય સોફ્ટવેર

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ




* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/ શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
*Message from President or Managing Trustee ( Appeal )*
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.




**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 - 26870704, 079 - 40054004

ડાહ્યાભાઈ પટેલ (થોળવાળા)
વિપુલ પટેલ

હાર્દિક શુભેચ્છા સહ...

મજબુત કામ..... વ્યાજબી દામ.......

# ઉમિયા એન્જીનીયર્સ





સ્કુલ બેન્ચીસ વિવિધ મોડેલમાં
રીવોલ્વીંગ ચેર,
ગ્રીન બોર્ડ
ઓફિસ ટેબલ
સ્ટોરવેલ,
લાઈબ્રેરી કબાટ
ટીચર્સ લોકર,
ન્યુઝ પેપર સ્ટેન્ડ
લેકચર સ્ટેન્ડ





ખુરશીઓ
રીવોલ્વીંગ ચકડોળ
(વિવિધ પ્રકારના ચકડોળ)
(વિવિધ પ્રકારના હિંચકા)
સી. સો
ઝુલા
કલાઈમ્બર

## વિશિષ્ટતાઓ

**ઉત્તમ ક્વોલિટી, વ્યજબી ભાવ, સેલ સર્વિસ, મોર્ડન ડિઝાઈન**







**તેમજ શાળાઓને ઉપયોગી તમામ સ્ટીલ અને વુડન ફર્નિચર પ્લેગ્રાઉન્ડ ઈક્વીપમેન્ટ તદ્દન વ્યાજબી ભાવે આપનાર**


૧, વાસુદેવ એસ્ટેટ, હરેકૃષ્ણ કોમ્પલેક્ષની પાછળ, સી.ટી.એમ. ચાર રસ્તા પાસે,
હાટકેશ્વર - સી.ટી.એમ. રોડ, અમરાઈવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૨૬.
**Tel.** : 079-25850251 **Mo.:** 98240 88501, 93270 00325
**Web.:** www.umiyaengineer.com, **Email :** umiya_engineers@yahoo.in


(ગ્રાહકને સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.) સ્કુલ બેન્ચ અને
દરેક સીરીઝના બાલક્રિડાંગણના સાધનોના સ્પેશિયાલિસ્ટ

SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023
Published on 28th Day of Every Month





























રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ____________________

____________________

____________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.